પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૧૦/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

# અમરેલી એક્સપ્રેસ

## શુભ દીપાવલી

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**સુવિચાર**

પુસ્તકાલય એટલે જ્ઞાન અને સદ્‌ગુણોનું મંદિર. ''ઉત્તમ સાધના એટલે વાંચન.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૭૧















## વેપારીઓએ મુખ્ય બજારો, દુકાનો અને શોરૂમને નવોઢા જેવો શણગાર કર્યો


# અમરેલીશહેરની બજારોમાં દિપોત્સવી પર્વે રોશનીનો ઝગમગાટ

છેલ્લા એક અઠવાડીયાથી બજારોમાં ગ્રાહકોની ભીડ ઉભી થઈ અને વેપાર–ધંધામાં તેજીનો તરખાટ જોવા મળ્યો


સમગ્ર જિલ્લામાંથી સોના–ચાંદીનાં દાગીના, કપડા, શુઝ ખરીદવા ભારે ભીડ ઉમટી રહી છે

છેલ્લા ૧૦ વર્ષમાં હજારો પરિવારોની આવકમાં વધારો થયો તેનો લાભ બજારને મળતો જોવા મળી રહ્યો છે

મોંઘવારી વધવાની સાથે નાગરિકોની આવકમાં પણ વધારો થયો હોવાથી વેપાર–ધંધામાં તેજી







અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરની બજારો, દુકાનો અને શોરૂમ તેમજ ધાર્મિક સ્થાનો, સરકારી અને અર્ધ સરકારી મકાનોને નવોઢા જેવો શણગાર કરવામાં આવ્યો છે.

અમરેલીની બજારો છેલ્લા એક અઠવાડીયાથી ગ્રાહકોથી છલોછલ થઈ છે. ટાવર રોડ, હરિરોડ, લાયબ્રેરી રોડ, ભીડભંજન ચોક, જુના માર્કેટયાર્ડ સહિતનાં વિસ્તારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. જવેલર્સ, અનાજ–કિરાણા, ફટાકડા, ગારમેન્ટ, કાપડ, શુઝ, ઈલેકટ્રોનીકસ સહિતનાં વેપારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

દિપોત્સવી પર્વ એ હિન્દુ સમાજનો સૌથી મોટો તહેવાર છે. આબાલ–વૃઘ્ધ, ગરીબથી લઈને અમીર સૌ કોઈ દિપોત્સવી પર્વની પરંપરાગત ઉજવણી કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં ગરીબ, મધ્યમવર્ગ અને અમીરોની આવકમાં છેલ્લા ૧૦ વર્ષમાં ખાસ્સો વધારો થયો છે. તો સરકારી કર્મચારીઓનાં વેતનમાં પણ વધારો થતાં મોંઘવારીની સામે આવકમાં વધારો થયો હોય જિલ્લાનાં હજારો પરિવારો આર્થિક રીતે વધારે સક્ષમ બનતા તેનો સીધો ફાયદો વેપારીઓને થતો જોવા મળી રહ્યો છે. આજનો મધ્યમવર્ગીય પરિવાર પણ અમરીની જેમ જીંદગી જીવવા તનતોડ પ્રયાસ કરી રહ્યો છે.

આમ અમરેલીમાં દિપોત્સવી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે.


**વેચવાની છે**

સેવરોલેટ એન્જોય મોડલ–૨૦૧૩ (૮–સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.

સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦


## કર્ણાટક, ભૂજ, દામનગર અને પૂણેનાં ઈસમો દ્વારા

# લ્યો બોલો : દામનગરની રાષ્ટ્રીયકૃત બેન્કનો રૂપિયા ૫ કરોડનો બનાવટી ચેક બનાવાયો

## એસબીઆઈનાં મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૩૦

કર્ણાટકમાં રહેતા આરોપી ઈરપ્પા વિટ્ઠલ બુદીહલએ કોઈ રીતે સતસંગ નામની પાર્ટીનો ડુપ્લીકેટ (નકલી) ચેક બનાવી, ચેકમાં સતસંગ નામની પાર્ટીનો બનાવટી સ્ટેમ્પ (સીલ)નો ઉપયોગ કરી, બનાવટી સહિ કરી તથા દામનગર ગામે રહેતા આરોપી વિપુલ ઉર્ફે પપ્પુ શર્માએ ચેકમાં રહેલ અન્ય વિગતો ભરી રૂપિયા ૫ કરોડનો આ બનાવટી ચેક દામનગરના સહજાનંદ એજયુકેશન ટ્રસ્ટના ખાતામાં જમા કરાવવા આપી, દામનગર ખાતે આવેલ એસ.બી.આઈ. બેંકને આર્થિક નુકસાન કરવાના ઈરાદે ખોટો દસ્તાવેજ બનાવટી ચેક બનાવી જે ચેક બનાવટી હોવાનું જાણવા છતાં કપટપુર્વક ઉપયોગ કરવા પોતાના કબ્જામા રાખી, જે ચેકનો ખરા તરીકે ઉપયોગ કરી ઠગાઈ કરવાના ઈરાદે, અન્ય આરોપી અલ્પેશ શંકરલાલ શાહ (રહે. ભુજ), ગણેશ રામચંદ્ર બોચરે (રહે. પુણે–મહારાષ્ટ્ર), રામદાસ વિષ્ણુ કાળે (રહે. પુણે મહારાષ્ટ્ર)એ સમાન ઈરાદો પાર પાડી તા. ૨૮/૧૦ના સવા અગિયાર વાગ્યે કર્ણાટકમાં રહેતા આરોપી ઈરપ્પા વિટ્ઠલ બુદીહલ સાથે આ બનાવટી ચેક દામનગર સહજાનંદ એજયુકેશન ટ્રસ્ટમાં જમા કરાવવા દામનગર ખાતે આવેલ એસ.બી.આઈ. બેંકમાં જઈ એકબીજાને મદદગારી કર્યાની દામનગર એસ.બી.આઈ. બેંકના મેનેજર જીગરભાઈ ચંદ્રકાંતભાઈ હીંગુએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ગારીયાધાર નિવાસી જશવંતરાય લક્ષ્મીદાસ નથવાણી (બાબુદાદાચાવાળા) (ઉ.વ. ૭૧) તે અલ્પેશભાઈ નથવાણી તથા વિજયભાઈ નથવાણીના પિતાજીનું તા. ૨૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



સદગતનું ઉઠમણું તથા પ્રાર્થનાસભા બંને પક્ષનું તા. ૧/૧૧ શુક્રવારના રોજ સાંજે ૩ થી ૫ સુધી ગારીયાધાર ખાતે નીલકંઠ મહાદેવ મંદિર, અર્જુન સિનેમા પાછળ, પાલીતાણા રોડ, ગારીયાધાર મુકામે રાખેલ છે.


**હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...**

બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......

રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....

નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે

ફકત વેપારીઓ જ સંપર્ક કરે...

હોલસેલ..... હોલસેલ......

સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪















## શુભ દિપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદન

પ્રકાશનું આ પર્વ તમારા જીવનને
પ્રકાશમ્ બનાવે તેવી
જ્યોતિર્મય કામનાઓ

શુભેચ્છક

**શ્રી જીતુભાઈ જોગદીયા**

**યશ કન્સ્ટ્રક્શન**

**અમરેલી**

દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર

Avadh
Family Restaurant & Banquet Hall

Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

LG Life's Good.




Celebrate this Navratri, by bringing home the joy and happiness with exciting offers on LG UHD TV.

CELEBRATION OFFERS
FIXED EMI ₹999/-* onword
0%* DOWN PAYMENT (Rest in Easy EMIs) (on select model)
UPTO 10%* CASHBACK (Max upto ₹7500/-) (on select model)

LG BEST SHOP
**મુકુંદરાય એન્ડ બ્રધર્સ**
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**71,000/-** (૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ
ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
**બાલમુકુંદ**
જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

જય માં ખોડલ જય ભોજલરામ જય સરદાર



## સરદાર વલ્લભભાઈ પટેલની 149 જન્મ જયંતિના

પાવન અવસરે સત સત નમન...

જન્મથી વલ્લભ અને કર્મથી સરદાર

રાષ્ટ્રિય એકતા દિવસ
31 ઓક્ટોબર લોખંડી પુરુષ

શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ
અમરેલી

## વિશાળ બાઈક રેલી

તારીખ : 31-10-2024, ગુરૂવાર સવારે : 8:45 કલાકે,
મોટા બસ સ્ટેશન શીતલ આઈસ્ક્રીમ પાર્લર થી રાજકમલ ચોક,
નાગનાથ મંદિર થઈ સરદાર સર્કલ સુધી..

મંત્રી શ્રી જે.ડી. સાવલિયા | પ્રમુખ શ્રી દિનેશભાઈ ડી. ભુવા | ખજાનચી શ્રી ઘનશ્યામભાઈ સોરઠીયા

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડી. કે રૈયાણી
કોરકમિટી સભ્ય શ્રી કાળુભાઈ ભંડેરી
કોરકમિટી સભ્ય શ્રી મનુભાઈ દેસાઈ
કોરકમિટી સભ્ય શ્રી કાંતિભાઈ વઘાસીયા
કોરકમિટી સભ્ય શ્રી કાળુભાઈ સુહાગીયા

ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ બાબરોલીયા
ઉપપ્રમુખ શ્રી ભીખુભાઈ કાબરીયા
ઉપપ્રમુખ શ્રી અરજણભાઈ કોરાટ
ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ બાબરીયા
ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ રામાણી
ઉપપ્રમુખ શ્રી નીલેષભાઈ દેસાઈ
ઉપપ્રમુખ શ્રી પી.પી.પડસાળા
ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ સાવલીયા

સહ-મંત્રી શ્રી ઘનશ્યામભાઈ રૈયાણી
સહ-મંત્રી શ્રી નીલેશભાઈ પુલાણી
સહ-મંત્રી શ્રી રાજુભાઈ ઝાલાવાડિયા
સહ-મંત્રી શ્રી વર્ષિલભાઈ મોવલિયા
સહ-મંત્રી શ્રી નિલેશભાઈ ઠુમ્મર
સહ-મંત્રી શ્રી ભાવેશભાઈ કાબરિયા
સહ-મંત્રી ડૉ.ચંદ્રેશભાઈ ખુંટ
સહ-મંત્રી શ્રી વસંતભાઈ પેથાણી

સહ-ખજાનચી શ્રી ગોપાલભાઈ કચ્છી
સહ-ખજાનચી શ્રી જતીનભાઈ સુખડીયા
સહ-ખજાનચી શ્રી જગદિશભાઈ તળાવીયા
સહ-ખજાનચી શ્રી હિરેનભાઈ બાબરોલીયા
સહ-ખજાનચી શ્રી જયસુખભાઈ મોણપરા
સહ-ખજાનચી શ્રી સંજયભાઈ પોકળ
સહ-ખજાનચી શ્રી વ્રજલાલભાઈ પટેલ
સહ-ખજાનચી શ્રી રાજુભાઈ કિશવીયા

• વેવિશાળ પરિચય કમીટી • શિક્ષક કમીટી • સલાહકાર સમિતિના તમામ હોદેદારશ્રીઓ
• વોર્ડ વાઈઝ તમામ કન્વીનરશ્રીઓ તથા સહ કન્વીનર શ્રીઓ • શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ - અમરેલીના આજીવન સભ્યશ્રીઓ

Happy Diwali & HAPPY NEW YEAR



May the New Year bring you
Happiness, Peace, and Prosperity



શુભેચ્છક

**શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા**

ભાજપ અગ્રણી - સાવરકુંડલા

## જિલ્લા મધ્યસ્થ બેન્ક સહિતનાં જાહેર માર્ગો પર સફાઈ કાર્ય થયું

# અમરેલીમાં પાલિકા દ્વારા રાત્રિ સફાઈ ઝૂંબેશ યથાવત

દિપોત્સવી પર્વને લઈને શહેરમાં છેલ્લા એક મહિનાથી રાત્રિ સફાઈ ઝૂંબેશ શરૂ થતાં શહેર સ્વચ્છ બની રહ્યું છે

પાલિકાની સફાઈ એજન્સીનાં સંચાલક પ્રકાશ લાખાણી શહેરને સ્વચ્છ બનાવવા દિવસ–રાત કરે છે કામગીરી

દિવાળીનાં તહેવારોમાં દરેક રહેણાંક મકાન અને દુકાનોમાં સફાઈકાર્ય થતાં વધારેમાં વધારે કચરો એકત્ર કરીને તેનો નિકાલ કર્યો

પાલિકાનાં શાસકો, સફાઈ એજન્સી અને શહેરીજનોની ત્રિપુટી સ્વચ્છતાને લઈને સતત જાગૃત રહે તો શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહેશે



અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરમાં છેલ્લા એક મહિનાથી રાત્રિ સફાઈ ઝૂંબેશ અને ડોર ટુ ડોર કલેકશનની કામગીરી થતાં શહેરીજનોને હવે ક્રમશઃ ગંદકીમાંથી છુટકારો મળી રહ્યો છે અને શહેરનાં રાજમાર્ગો પણ સ્વચ્છ જોવા મળી રહ્યા છે.

અમરેલીમાં ''દિપોત્સવી પર્વ''ને લઈને દરેક રહેણાંક મકાન, દુકાનોમાં સ્વચ્છતા કરવામાં આવતાં મોટા પ્રમાણમાં કચરો એકત્ર થયો હોય તેનો યોગ્ય રીતે નિકાલ પણ સફાઈ એજન્સી ધ્વારા કરવામાં આવ્યો.

પાલિકાની સફાઈ એજન્સીનાં સંચાલક પ્રકાશ લાખાણી દિવસ–રાત શહેરને સ્વચ્છ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે અને તેઓનાં વાણી–વર્તન પણ શહેરીજનોને પસંદ આવી રહ્યા છે.

કોઈપણ શહેરીજનોને ગંદકીને લઈને કોઈ પ્રશ્ન હોય તો પ્રકાશ લાખાણીનાં મોબાઈલ નંબર ૮૭૮૦૫ ૪૭૦૫૬ પર સંપર્ક કરવો જરૂરી છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં કાર્યક્રમને લઈને

# અમરેલી તાલુકાનાં કોંગી પ્રમુખ અને ઉપપ્રમુખની અટકાયત બાદ છુટકારો કરાયો

### બંને આગેવાનોએ નારાજગી વ્યકત કરી

અમરેલી, તા. ૩૦

લાઠી તાલુકાના દુધાળા ગામ મુકામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ભારતમાતા સરોવરનો લોકાપર્ણ કાર્યક્રમ હતો. જેના અનુસંધાને અમરેલી જીલ્લાના ખેડૂતોના પ્રાણ પ્રશ્રોને લઈને અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી તથા ઉપપ્રમુખ વિપુલ પોંકિયા દ્વારા અમરેલી કલેકટરને તારીખ ૨૩/૧૦/૨૪ના રોજ રૂબરૂ મળીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ૫૦ ખેડુતોના પ્રતિનિધિ મંડળ સાથે રૂબરૂ મુલાકાત કરવાનો કલેકટર પાસે સમય માગવામાં આવ્યો હતો અને જો વડાપ્રધાનને ખેડૂતોને મળવા માટેનો સમય તથા મંજૂરી આપવામાં ન આવે તો વડાપ્રધાનનું ખેડૂતો દ્વારા કાળા વાવટા ફરકાવીને સ્વાગત કરવાની ચીમકી તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ આપી હતી. જેના અનુસંધાને ખેડૂતોના કાળા વાવટા ફરકાવવાના ડરના કારણે અમરેલી એલસીબી





પોલીસ દ્વારા કાર્યક્રમની આગલી રાત્રે કોંગી પ્રમુખ મનીષ ભંડેરીને તરવડા ખાતે તેમના નિવાસ્થાનેથી અટકાયત કરીને અમરેલી એલસીબી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા, તેમની સાથે જ તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ વિપુલ પોંકિયાને પણ ખીજડીયા રાદડિયા ખાતે તેમના નિવાસસ્થાનથી અમરેલી એલસીબી પોલીસ દ્વારા અટકાયત કરીને અમરેલી એલસીબી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા, જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ભારતમાતા સરોવરનો લોકાપર્ણ કાર્યક્રમ સાંજે ૬ : ૦૦ વાગ્યે પૂર્ણ થાય બાદ કોંગી પ્રમુખ મનીષ ભંડેરી અને ઉપપ્રમુખ વિપુલ પોંકિયાને પોલીસ દ્વારા છોડવામાં આવ્યા હતા. આમ ખેડુતોનો અવાજ બનતા તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરી તથા ઉપપ્રમુખ વિપુલ પોંકિયાની ગેર બંધારણીય રીતે અટકાયત કરીને ભાજપ સરકાર દ્વારા લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

---


## સોશ્યલ મીડિયામાં વિડીયો મેસેજ વાયરલ કર્યો

# અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીની તબિયત સુધારા ઉપર

### મિત્રો, શુભેચ્છકોને દિપોત્સવીની શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય અને વિધાનસભાનાં પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીની તબિયત સુધારા ઉપર હોય અને તેઓને હોસ્પિટલમાંથી રજા પણ મળી રહ્યાનું જાણવા મળેલ છે.



પૂર્વ ધારાસભ્યએ હોસ્પિટલનાં બિછાનાં ઉપરથી સોશ્યલ મીડિયા મારફત વાયરલ કરેલ વિડીયોમાં જણાવેલ છે કે, તેઓની તબિયત સુધારા ઉપર હોય અને ગમે તે ઘડીએ હોસ્પિટલમાંથી રજા મળી રહી હોવાનું જણાવીને મિત્રો, શુભેચ્છકોને દિપોત્સવીની શુભેચ્છા પાઠવી હતી.

---

## ટ્રેકટર સાઈડમાં રાખવા બાબતે બઘડાટી બોલતા ચકચાર

# જાફરાબાદમાં ગત મોડી રાત્રિએ જિલ્લા યુવા ભાજપનાં પ્રમુખ ચેતન શિયાળ અને તેમના ભાઈ ઉપર જીવલેણ હુમલો

### સ્થાનિક પોલીસે ૬ પૈકી ૪ આરોપીની અટકાયત પણ કરી લીધી

અમરેલી, તા. ૩૦

જાફરાબાદ ટી ટાઈપ જેટી ઉપર ગઈકાલે મોડીરાત્રીના સમયે ટ્રેકટર સાઈડમાં રાખવાનું કહેવા જેવી સામાન્ય બાબતને લઈને જિલ્લા યુવા ભાજપના પ્રમુખ અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના જમાઈ ઉપર જીવલેણ હુમલાના બનાવમાં ઘવાયેલા ભાજપ અગ્રણીને સારવાર માટે ભાવનગર દવાખાને ખસેડાયા છે. ત્યારે પોલીસે બનાવની પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદના નાના ઉચાણીયા શાક માર્કેટ પાસે રહેતા ચન્દ્રકાંતભાઈ બચુભાઈ શિયાળ નામનાં ૬૮ વર્ષિય નિવૃત્ત શિક્ષક તથા અન્યની બોટો જાફરાબાદ ટીટાઈપ જેટીએ મચ્છીમારી કરી તા. ૨૯ના રાત્રીના આશરે દશક વાગ્યે પરત આવેલ. જેથી મચ્છી ખાલી કરવા માટે ચન્દ્રકાંતભાઈ તથા રાજેદ્રભાઈ જતા હતા તે વખતે જાફરાબાદ ગામે રહેતા યશવંતભાઈ નારણભાઈ બારૈયાએ બરફ ભરેલ ટ્રેકટર જેટી ઉપર આડુ રાખેલ હતું. જે બાબતે ચન્દ્રકાંતભાઈ શિયાળે આરોપી યશવંતભાઈ બારૈયાને ટ્રેકટર સાઈડમાં રાખવાનું કહેતા આરોપી યશવંતભાઈ બારૈયા તથા સિધ્ધાર્થભાઈ યશવંતભાઈ બારૈયા એકદમ ઉશ્કેરાઈ જઈ ચન્દ્રકાંતભાઈ શિયાળને જેમ ફાવે તેમ ગાળો આપી હાથા પાઈ કરતા રાજેન્દ્રભાઈએ પોતાના મોટા ભાઈ અને જિલ્લા યુવા ભાજપના પ્રમુખ અને રાજુલા– જાફરાબાદના ભાજપી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના જમાઈ ચેતનભાઈ શિયાળને ફોન કરી જાણ કરતા ચેતનભાઈ શિયાળ તથા અન્ય લોકોએ સ્થળ ઉપર આવી આવી આરોપીઓને સમજાવતા આરોપીઓને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપીએ કુહાડી વડે ચેતનભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે એક ઘા તથા પીઠના ભાગે કુહાડીની મુંધરાટીથી ઘા મારવા લાગેલ. જેમાં ચેતનભાઈના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે કિંમત રૂપિયા ૮૦,૦૦૦નો ચેઈન ગળામાંથી ખેચીને લઈ ગયેલ. બીજા આરોપીએ પોતાના હાથમાં રહેલ ખપાળી (પંચૌટી)થી મનોજભાઈને માથાના ભાગે તથા શરીરના ભાગે જીવલેણ ઘા મારી તથા આરોપીની બોટનો દોઢીયો (ટંડેલ) તથા ખલાસીઓ હાથમાં લોખંડના પાઈપ તથા ધોક્કા લઈ માર મારવા દોડેલ તથા આરોપી સંજયભાઈ નારણભાઈ બારૈયા તથા જયશ્રી તાત્કાલીક નામની બોટનો દોઢીયો (ટંડેલ)એ ચન્દ્રકાંતભાઈ બચુભાઈ શિયાળને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૬ જેટલાં આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.

આ બનાવને લઈ વધુ મળતી વિગત મુજબ જાફરાબાદના બંદર જેટી પર ગઈકાલે રાત્રે ચેતનભાઈ શિયાળ પર હિંચકારો હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ચેતનભાઈ શિયાળના ભાઈને પણ હુમલામાં ઈજાઓ થઈ હતી. ચેતનભાઈ શિયાળ પર કુહાડી વડે માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ અને તાત્કાલિક ભાવનગર સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે હિંચકારો હુમલાની ઘટનાને લઈને અમરેલી ડીવાયએસપી ચિરાગ દેસાઈ દ્વારા હુમલાખોરોને હાલ હસ્તગત કર્યા હોવાનું જણાવ્યું હતું. જયારે ચેતનભાઈ શિયાળના હાથમાં રિવોલ્વર સાથેનો વિડીયો વાયરલ થયા અંગે પોલીસે આવો વાયરલ વિડીયો સામે આવ્યો હોય તેની પોલીસ તપાસ કરી રહી હોવાનું ડીવાયએસપી દેસાઈએ જણાવ્યું હતું ને હાલ ૬માંથી ૪ આરોપી ઝડપાયા હોય બાકી ૨ આરોપીઓની પોલીસે શોધખોળ શરૂ કરી હોવાનું પણ ડીવાયએસપી દેસાઈએ જણાવ્યું છે.


**સંકુલ – નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ – નિમંત્રણ**

★ સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ–સ્ટુડન્ટ્સ–પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તારીખઃ– ૦૨/૧૧/૨૦૨૪ શનિવાર સમયઃ– સાંજનાં ૦૪:૩૦ થી ૦૫:૩૦

**KG થી PG સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ – દિવાળી વેકેશન નવા પ્રવેશ ચાલુ**

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી


---

## લાઠીનાં દુધાળા ગામે હેતની હવેલી ખાતે યોજાયેલ

# ડાયમંડ કિંગ સવજીભાઈ ધોળકીયાનાં પુત્રનાં લગ્નમાં પ્રધાનમંત્રી સહિતનાં મહાનુભાવોની ઉપસ્થિતિ

### રાજયપાલ, મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી પણ ઉપસ્થિત રહ્યા



લીલીયા, તા. ૩૦

દુધાળાના વતની અને સુરત હરિકૃષ્ણ એક્ષ્પોર્ટ કંપનીમાં માલીક પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા અને ગૌરીબેન ધોળકીયાના પુત્ર દ્રવ્ય ધોળકીયાના લગ્ન તા. ૨૮/૧૦/૨૪ના રોજ દુધાળા હેતની હવેલી ખાતે યોજાયા હતા. તેમા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી, ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, રાજય સભાના સાસંદ ગોવિંદભાઈ ધોળકીયા, પૂ. રમેશભાઈ ઓઝા ભાઈશ્રી, પૂ. મોરારીબાપુ સહિતના અગ્રણી ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાના પુત્ર દ્રવ્ય અને પુત્રવધુ જાન્હવીને આર્શીવચન અને શુભેચ્છા પાઠવી હોવાનું મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# ચમારડી ખાતે સરદાર પટેલની જન્મજયંતી અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયું



બાબરા તાલુકાના ચમારડી ગામે સરદાર પટેલ સાહેબ ૧૪૯મી જન્મ જયંતી નિમિત્તે આજરોજ મુખ્ય આયોજક શ્રી ગોપાલભાઈ ચમારડીના માર્ગદર્શન હેઠળ ચમારડી ગામની નદી – નાળા સહિત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં જેસીબી મારફતે પુલની આજુબાજુ નદી નાળામાં રહેલી ગંદકી દૂર કરી ચમારડી ગામની મેઈન બજારો ધાર્મિક સ્થળો જાહેર રસ્તાઓ સહિત વિવિધ જગ્યાએ સફાઈ કરવા માટે ચમારડી ગામની શિવ લહેરી મહીલા મંડળ સમસ્ત ચમારડી સર્વ જ્ઞાતિના યુવાનો દ્વારા સફાઈ માં જોડાયાં હતાં અને ગોપાલ ચમારડી દ્વારા આગામી આવી જ રીતે ગામની શોભા બની રહે તે માટે લોકોને સ્વચ્છતા અંગે સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

## ડાયમંડ કિંગ વસંત ગજેરાનાં લઘુબંધુ અશોક ગજેરાએ નિર્ણય કર્યો


# આનંદો : અમરેલીને અત્યાધુનિક ક્રિકેટ સ્ટેડિયમની ભેટ

**જિલ્લા વિદ્યાસભામાં પટાંગણમાં લો-કોલેજની પાછળની જમીન ઉપર સુવિધાસભર ક્રિકેટ સ્ટેડિયમ બનાવાશે**


**રૂપિયા ૩ કરોડનાં ખર્ચે તૈયાર થનારા સ્ટેડિયમમાં પ્રેકટિશ મેદાન, હોસ્ટેલ સહિતની સુવિધા મળશે**

**જિલ્લાભરનાં નવલોહિયા ક્રિકેટરને રણજીટ્રોફી સુધી પહોંચવામાં સ્ટેડિયમ પગથિયુ બનશે**

**ભવિષ્યમાં રણજીટ્રોફી જેવી ક્રિકેટ મેચનું પણ આયોજન કરવાની તૈયારીઓ**





અમરેલી, તા. ૩૦

અમરેલીનાં વતની અને સુરતસ્થિત ડાયમંડ કિંગ વસંત ગજેરાનાં લઘુબંધુ અને મુંબઈ સ્થિત અશોક ગજેરાએ જિલ્લા વિદ્યાસભાનાં વિશાળ પટાંગણમાં લો–કોલેજ પાછળ આવેલ મેદાનમાં રૂપિયા ૩ કરોડનાં ખર્ચે ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની જાહેરાત કરી છે.

અમરેલી જિલ્લામાં ક્રિકેટની રમત સાૈથી વધુ લોકપ્રિય માનવામાં આવે છે. જિલ્લાનાં હજારો યુવાનો ક્રિકેટક્ષેત્રે અવકાશ મળે તો રાષ્ટ્રીય ટીમ સુધી પહોંચી શકે તેમ છે અને તેમને પ્રોત્સાહન અને સુવિધા આપવા માટે ક્રિકેટપ્રેમી અશોક ગજેરાએ નિર્ણય કર્યો છે.

અમરેલી ખાતે બનનારા ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રેકટીશ માટેનું મેદાન, રહેવા–જમવા સાથેની હોસ્ટેલ, ક્રિકેટ નિષ્ણાંતનું માર્ગદર્શન અને તમામ સાધનો ઉપલબ્ધ કરાવાશે અને વિશાળ સ્ટેડિયમમાં ભવિષ્યમાં રણજી ટ્રોફી જેવી સ્પર્ધા પણ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ અશોક ગજેરાએ જિલ્લાનાં હજારો ક્રિકેટપ્રેમી યુવાનોની સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી આગળ વધારવાનો નિર્ણય કરતાં જિલ્લાનાં ક્રિકેટપ્રેમી યુવાનોમાં ખૂશીનો માહોલ છવાયો છે.

### સર્વ સમાજને ઉપસ્થિત રહેવા જણાવાયું

## અમરેલીમાં શનિવારે પટેલ કન્યા છાત્રાલય ખાતે સાર્વજનિક સ્નેહમિલન

**સંસ્થાનાં પ્રમુખ દિલીપ સંઘાણીએ જાહેર આમંત્રણ પાઠવ્યુ**



અમરેલી, તા. ૩૦

આ વર્ષે નૂતન વર્ષના પ્રારંભ સાથે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિનો સંયોગ રચાયો છે જેથી તેની ઉજવણી પણ યાદગાર બનાવવા અમરેલી ખાતે એમ.વી. પટેલ કન્યા છાત્રાલય, કેરીયા રોડ ખાતે સાર્વજનિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

તા. ૨/૧૧/૨૪, શનિવારના રોજ સવારના ૯કલાકે યોજાનાર સાર્વજનીક સ્નેહમિલન કાર્યક્રમમાં સર્વસમાજને પધારવા સંસ્થા પ્રમુખ દિલીપભાઈ સંઘાણી નિમંત્રણ પાઠવે છે તેમ એમ.વી. પટેલ કન્યા છાત્રાલયની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

## અમરેલીમાં શકિત ગૃપ દ્વારા જરૂરીયાતમંદ પરિવારના બાળકોને મિઠાઈનું વિતરણ

**નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૩૦

દિપાવલી પર્વ ગરીબ અને મધ્યમવર્ગના લોકો પણ ઉમંગથી ઉજવી શકે તે માટે શક્તિ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૫૦થી વધારે મિઠાઈ બોકસનું વિતરણ કરાયું હતું નાના બાળકોને ફરસાણ અને મીઠાઈનું કરાયું હતું અમરેલીની સેવાભાવી સંસ્થા શક્તિ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીના તહેવારો નિમિત્તે છેવાડાના વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા ગરીબ પરિવારોને મિઠાઈ બોકસનું વિતરણ કરાયું હતું ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલીયા, જયભાઈ મસરાણીના હસ્તે નાના ભુલકાઓને મિઠાઈનું વિતરણ કરાયું હતું શક્તિ ગ્રુપ પ્રમુખ ગૌતમભાઈ વાળા જયદેવભાઈ વાળા નજુભાઈ વાળા પરેશ પરમાર જીગ્નેશ દાફડા કુલદીપ ગણાત્રા હિતુરાજ પરમાર સાવન કિકાણી સહિત ગ્રુપના સભ્યો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું દિવાળીના પાવન પર્વે પર ગરીબ બાળકોને ના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરાયો છે તેમ અમરેલી કાઠી ક્ષત્રિય સમાજ યુવા અગ્રણી અશોકભાઈ વાળા જણાવ્યું હતું.

### ગામજનોએ હાઈવેની ડીઝાઈનને લઈને નારાજગી વ્યકત કરી

## લ્યો બોલો : સાવરકુંડલા–અમરેલી વચ્ચેનાં નેશનલ હાઈવેમાં ઓળિયા અને ચરખડીયામાં બાયપાસ બનશે

**લાગતા–વળગતાઓને આર્થિક ફાયદો પહોંચાડવાનો શાસકોનો પ્રયાસ હોવાનો આક્ષેપ**




અમરેલી, તા. ૩૦

જેતપુર–મહુવા વચ્ચે નેશનલ હાઈવે બની રહ્યો છે. જે હાઈવે સાવરકુંડલાથી અમરેલી સુધી બનવાનો હોય જેમાં ઓળિયા અને ચરખડીયા ગામની ફરતેથી હાઈવે પસાર થવાનો હોય ગામજનોએ આજે કલેકટરને આવેદનપત્ર પાઠવીને ગંભીર આક્ષેપો કર્યા છે.

ગામજનોએ આવેદનપત્રમાં જણાવેલ છે કે, ભારત સરકાર ધ્વારા મહુવા–જેતપુર સ્ટેટ રોડને નેશનલ હાઈવે નંબર ૩૫૧ જાહેર કરેલ છે. જે જમીન સંપાદન કરવા અંગે ભારત સરકારનાં રાજપત્ર તા. ૧૯/૦૧/૨૦૨૧થી ૩ એનું જાહેરનામું દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરેલ હતું. જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ નેશનલ હાઈવે ઓથોરિટી ધ્વારા ખેડૂતોને સાથે રાખીને હાલ જે સ્ટેટ રોડ છે તે મૂળ જગ્યાએજ બેથી ત્રણ વાર ખેડૂતોને સાથે રાખીને સર્વે કરેલ હતો અને ઓળિયા ગામ અને ચરખડીયા ગામ સ્ટેટ રોડને નેશનલ રોડમાં જો ફેરવવામાં આવે તો જગ્યાને લઈને કોઈપણ પ્રકારની અડચણ ઉભી થાય તેમ નથી. પરંતુ અમરેલી રાષ્ટ્રનાં નાણા ચાંઉં કરી જવા જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ મળતીયાઓની જમીન બિનખેતી કરાવીને ચરખડીયા ગામના નવા બનતા નેશનલ હાઈવેનું એલાઈમેન્ટ ચેન્જ કરાવીને ઓળિયા અને ચરખડીયા એમ બે ગામને બાયપાસ રોડ કરાવેલ છે.

ઓળિયા ગામે પણ પોતાના સગા–સંબંધી અને મળતીયાઓની સાથે મળીને ત્યાં પણ જાહેરનામું પ્રસિધ્ધ થયા પછી રોડમાં જમીનનું ઊંચું વળતર મેળવવા પોતાના મળતીયાઓની જમીન બીનખેતી કરાવીને રાષ્ટ્રના નાણા ચાંઉં કરી જવાનું આયોજન પૂર્વક આ બંને ગામોમાં રોડનું એલાઈમેન્ટ ચેન્જ કરીને બંને ગામોમાં જરૂર ન હોવા છતાં બંને ગામ વચ્ચે નેશનલ હાઈવે રોડ બની શકે તેટલી જગ્યા હોવા છતાં બાયપાસ રોડ બનાવીને આ એક પ્રકારનું રાષ્ટનાં નાણા ચાંઉં કરી જવાનું કાવતરૂ રચવામાં આવ્યું છે. તેમ અંતમાં જણાવેલ છે.

# વડિયા ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા દ્વારા ડોર ટુ ડોર સંપર્ક યાત્રા




લોકલ ફોર વોકલના મંત્રને સાર્થક કરવા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડીયાના લોકલાડીલા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તુષારભાઈ વેગડ અનિઢદ્ધભાઈ બોરીચા તેમજ તેમની સમગ્ર ટીમ સાથે આજ રોજ વડીયા ખાતે સ્થાનીક વેપારીઓને મળીને સ્વદેશી ઉત્પાદનોની વસ્તુઓની ખરીદી કરી અને બધા વેપારી તેમજ ગ્રામજનોને દિવાળી અને નૂતન વર્ષાભિનંદનની શુભકામનાઓ પાઠવી.

# શુભ દીપાવલી

એવમ્

# નૂતન વર્ષાભિનંદન

વ્હાલા ભાઈઓ-બહેનો
તેમજ સભાસદશ્રીઓ

દીપોત્સવના પાવન તહેવાર દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ અને વિક્રમ સવંત ૨૦૮૧ નું નવું વર્ષ આપ સૌ માટે સુખ, શાંતિ, નિરોગી સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ લાવે તેવી પ્રભુ શ્રીરામજી ને પ્રાર્થના સહ પુન: આપ સૌને તહેવારોની અનંત શુભકામનાઓ...



આપનો

**શ્રી નારણભાઈ કાછડીયા**

પૂર્વ સાંસદ - વ - ચેરમેન

**શ્રી સમૃદ્ધિ નાગરીક શરાફી સહકારી મંડળી લી. અમરેલી**





# શુભ દિપાવલી

તેમજ

# નૂતન વર્ષાભિનંદન

અસત્યની સામે સત્યના વિજયનો તહેવાર, પ્રકાશનું પર્વ દિવાળી અને આવનાર વિક્રમ સવંત ૨૦૮૧ નું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં ધન, ધાન્ય, સુખ અને સમૃદ્ધિ સાથે ભગવાનના અનંત આશીર્વાદ લઈને આવે તેવી અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ.

આવો આપણે સૌ નકારાત્મક અને વિભાજનકારી તમોગુણરૂપી તિમિરને ભગાવી આ પ્રકાશમય પર્વનું સ્વાગત કરી પરિવાર સાથે આ પવિત્ર તહેવારની ઉજવણી કરીએ

રાજેશ કાબરીયા (પ્રમુખ, જિલ્લા ભાજપ)

મહામંત્રી : ભુપેન્દ્રભાઈ બસીયા | પીઠાભાઈ નકુમ | મેહુલભાઈ ધોરાજીયા

**ઉપપ્રમુખશ્રીઓ**
રામભાઈ સાનેપરા
મગનભાઈ કાનાણી
શરદભાઈ પંડ્યા
સુરેશભાઈ પાનસુરીયા
યોગેશભાઈ બારૈયા
જ્યોત્સનાબેન અગ્રાવત
વંદનાબેન મહેતા

**કોષાધ્યક્ષ**
દીપકભાઈ વઘાસિયા

**કાર્યાલય મંત્રી**
મહેન્દ્રભાઈ ચાવડા

**મંત્રીશ્રીઓ**
જયેશભાઈ ટાંક
મનોજભાઈ મહીડા
રાજુભાઈ ભુવા
અમરીશભાઈ જોશી
રેખાબેન માવદીયા
રંજનબેન ડાભી
પારુલબેન દાફડા
મીરાબેન કારેટીયા

**ભારતીય જનતા પાર્ટી પરિવાર**



**ભારતીય જનતા પાર્ટી - અમરેલી જીલ્લો**



## શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છાઓ..

## અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઈ-મેઈલ : ajmsbank@yahoo.co.in

**(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)**

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૧-૦૧-૨૦૨૪ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦% | ૪.૦૦% |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦% | ૪.૫૦% |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૪.૭૫% | ૫.૨૫% |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦% | ૫.૫૦% |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦% | ૬.૫૦% |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૭.૦૦% | ૭.૫૦% |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૭.૨૫% | ૭.૭૫% |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫% | ૭.૨૫% |
| (I) | ૫ વર્ષથી વધુ અને ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦% | ૭.૦૦% |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીક્સ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

■ અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ અ** ધરાવતી બેંક.
■ સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
■ બેંકની મુખ્ય કચેરી ઉપરાંત **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક. ■ ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેક્ટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે. ■ રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
■ **બેંકમાં RTGS, NEFT, IMPSM, UPI (બીલ પેમેન્ટ) BBPS (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેક્શનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફક્ત રૂા. ૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.**■- બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૩/- લાખનું અકસ્માત વીમાનું કવચ.**■- **ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭૦૦૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૫૦% ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

**(બી. એસ. કોઠીયા)** જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | **(અરૂણભાઈ પટેલ)** વાઈસ ચેરમેન | **(દિલીપભાઈ સંઘાણી)** ચેરમેન

**અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.- અમરેલી.**



"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

# અમરેલી નગર સેવા સદન - અમરેલી

## આઝાદી કા અમૃત મહોત્સવ-૨૦૨૪

## દીપાવલી તેમજ નૂતનવર્ષ નિમિતે ખુબ ખુબ શુભકામનાઓ

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. દીપાવલી તેમજ નૂતનવર્ષ-૨૦૨૪ નિમિતે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.

**શુભેચ્છક**

**બિપીનભાઈ એસ.લીંબાણી**
પ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**બિનાબેન વિશાલભાઈ કાલેણા**
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**મનીષભાઈ એચ. ધરજીયા**
અધ્યક્ષ
કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા - અમરેલી

**હિતેષ કે પટેલ**
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા
અમરેલી

**તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ**

**અમરેલી નગર સેવા સદન - અમરેલી**

# સાવરકુંડલામાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં નાવલી રીવરફ્રન્ટને લઈને બેઠક યોજાઈ






સાવરકુંડલા ખાતે મણીભાઈ ચોક ખાતે આવેલ પરજીયા સોની જ્ઞાતિ વાડી ખાતે સાવરકુંડલાનાં સ્વપ્ન સમાન નાવલી નદી પર રીવર ફ્રન્ટ તથા શહેરના વિવિધ વિકાસના કામો માટે લોકસહયોગ અને લોકજાગૃતિ સંદર્ભે સર્વ સમાજના લોકો સાથે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને મિટીંગ યોજાઈ. આ મિટિંગમાં ઉપસ્થિત લોક સાથે લોકસંવાદ કરી શહેરના વિકાસ અંગે ધારાસભ્ય દ્વારા સૂચનો પણ માંગવામાં આવેલ અને ધારાસભ્યની અપેક્ષાઓથી ઉપસ્થિત તમામને માહિતગાર કરી પોતાના કાર્યકાળ દરમિયાન પોતાના થતી તમામ શકય પ્રયાસો અંગે હૈયાધરપત આપી હતી. આ પ્રસંગે ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં શહેરના વિવિધ સમાજના અગ્રણીઓ વેપારીઓ સામાજિક રાજકીય અગ્રણીઓ તેમજ ધાર્મિક સંતોની ઉપસ્થિતિમાં મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિત તમામને તારીખ ૫/૧૧/૨૪ના રોજ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અહીં સાવરકુંડલા ખાતે રીવર ફ્રન્ટ પ્રોજેકટના ખાતમુહૂર્ત પ્રસંગે પધારવાના હોય શહેરના નાગરિકોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાવલી નદી પર બનનારા રીવર ફ્રન્ટ ભૂગર્ભ ગટર યોજના–૨ અને વિવિધ વિકાસ કાર્યો તથા માર્કેટ યાર્ડ ખાતે ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ પણ માનનીય મુખ્યમંત્રીના વરદહસ્તે કરવામાં આવનાર છે. આમ સાવરકુંડલા હવે એક વિકાસના નવા મોડ પર સવાર થવા જઈ રહ્યું છે ત્યારે આ સાવરકુંડલા મારૂ નહીં પરંતુ આપડું કુંડલા સમજીને શહેરના સર્વોત્તમ વિકાસ માટે શહેરીજનોનો સહયોગ જરૂરી છે. આવતાં દિવસો જો સુવર્ણમય બનાવવા હોય તો શહેરના હિત ખાતર થોડી ઘણી બાંધછોડ કરવા માટે પણ તૈયારીઓ દાખવવી પડશે. ખાસકરીને શહેરને સુવિધા સભર ઈ–લાયબ્રેરીનું નિર્માણ થાય તો સાવરકુંડલા તેજસ્વી વિદ્યાર્થીઓને પછી તે અમીર હોય કે ગરીબ સૌને આજના ડીઝીટલ ક્રાંતિના યુગમાં દુનિયામાં થતી અવનવી પ્રગતિ સાથે કદમ મિલાવવાની તક મળે. જો કે આ મિટિંગમાં આ બાબતે, ડો. દીપકભાઈ શેઠ, કનાલા, પત્રકાર બિપીનભાઈ પાંધી, લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરના મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક, ચંદ્રકાંતભાઈ ભરખડા વગેરે માનનીય ધારાસભ્ય સમક્ષ વિવિધ સૂચનો રજૂ કર્યા હતાં. નોંધનીય વાત એ થઈ કે આજની આ મિટિંગમાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના મંત્રી દિવ્યકાંતભાઈ સૂચકે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન એક સંપૂર્ણ સુવિધા યુકત ઈ.લાયબ્રેરીના નિર્માણ અંગે પ્રયત્નશીલ છે એમ જણાવતાં ઉપસ્થિત તમામે આ સકારાત્મક વિચારને હર્ષથી વધાવી લીધેલ. આ સંદર્ભે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પણ પોઝીટીવ પ્રતિસાદ આપ્યો. એકંદરે ખૂબ પોઝીટીવ વાતાવરણમાં સાવરકુંડલા શહેર અને નાવલી નદીના પુનરોપ્રધાર માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ મિટિંગમાં ખૂબ જ સહજતાથી નિખાલસતાથી પેટ છુટ્ટી વાતો કરતાં જણાવ્યું હતું કે શહેરના સર્વાંગી વિકાસ માટે પોતે સતત પ્રયત્નશીલ છે એમ જણાવી પોતાના આ મિશનમાં લોકસહયોગ જરૂરી છે એમ પણ ઉમેર્યુ હતું. માનનીય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તો નાવલી નદીના તટ પર ભાવ અને શ્રદ્ધાપૂર્વક આરતી પણ થાય એવી પોતાની અભિલાષા વ્યકત કરી હતી. ટૂંક સમયમાં આ ગંદી ગોબરી નાવલી સ્વચ્છ થશે અને નાવલી નદીમાં ખળખળ પાણી વહેતા થાય અને તેના કિનારે સુંદર અદભુત રીવર ફ્રન્ટ બને અને શહેરીજનોની સુખાકારી માટે રીવર ફ્રન્ટ નામનો પ્રોજેકટ સાકાર થાય એવી અભિલાષા સહ શહેર તેમજ સાવરકુંડલા તાલુકાના વિકાસ સંદર્ભે સતત પ્રયત્નશીલ રહેતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા શહેરનાં ગૌરવવંતા ઈતિહાસને પણ યાદ કરેલ આ ઉપરાંત શહેરમાં સ્પોર્ટસ સંકુલ નિર્માણાધીન છે તે ઉપરાંત શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિકાસનાં કાર્યોની આછેરી સમજ પણ આપી હતી. આ તકે તેણે શહેરના પાલાવાળા તથા શાકમાર્કેટ અંગે પણ પોતે તેના હિત અંગે સકારાત્મક રીતે ચિંતન કરે છે એ વાત પણ દોહરાવી હતી. એકંદરે લોકસહયોગ અને લોકસંવાદ સાથે આગળ વધતી માનનીય ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની સકારાત્મક વિચારધારાને આ મિટિંગ દ્વારા શહેરના વિકાસ માટે એક ઉર્જા સમાન ગણી શકાય.

### એઅચપીનાં અધ્યક્ષ ગજેરાનુ નિવેદન

## સત્યનારાણની કથામાં વિક્ષેપ કરનાર વિજ્ઞાન જાથા હિંદુ સમાજની માફી માંગી

### જાથા વિરૂધ્ધ આંદોલન કરવાની ચીમકી પણ આપી

અમરેલી, તા. ૩૦

બે ત્રણ દિવસ પહેલા રાજોટ જિલ્લાના પારડી ગામે પીજીવીસીએલની કચેરીએ કર્મચારો દ્વારા સત્યનારાયણની કથાનુ આયોજન કરેલ દિવાળીના તહેવારોમાં અને નુતન વર્ષના આગમન પુર્વે આવા ધાર્મિક કાર્યો ઠેકઠેકાણે હિન્દુ સમાજ દ્વારા થતા હોય છે. આ કાર્યક્રમમાં વિજ્ઞાન જાથાના જયંત પંડયાએ જઈ ને કથા બંધ રખાવી અને કર્મચારીઓ વિરૂધ્ધ તેમના અધિકારીઓને અને સરકારમાં રજુઆત કરી ખરેખર જયંત પંડયાનને કે વિજ્ઞાન જાથા ને કઈ માન્ય અધિકાર નથી તે આવા ધાર્મિક કાર્યોને અંધશ્રધ્ધામાં ખપાવીને બંધ કરાવી શકે સત્યનારાયણની કથા એ હિંદુ ધર્મની આસ્થા છે અને કોઈપણ હિંદુનુ ઘર આ કથા ન કરાવી હોય એવુ નહિ બન્યુ હોય આ કથાને અધુરી મુકાવી જયંત પંડયાએ પોતાની હિંદુ ધર્મ વિરૂધ્ધની માનસીકતાનુ પ્રદર્શન કરેલ છે અને હિંદુ સમાજની લાગણી દુભાઈ એવુ કાર્ય કરેલ છે. જો જયંત પંડયાને ખરેખર અંધશ્રધ્ધા વિરૂધ્ધ કાર્યવાહી કરવી હોય તો મુસ્લીમ તેમના તાજીયા બંધ કરાવવા જોઈએ જો તે તાજીયા બંધ કરાવે તો તેઓ અંધશ્રધ્ધા વિરૂધ્ધ કાર્યવાહી કરી ગણાય પરંતુ તે ત્યાં જવાની હિંમત પણ નહી કરે કારણ કે ત્યાં જો આવી કાર્યવાહી કરવા જશે તો તે ત્યાંથી કદાચ જીવતા પાછા ન પણ ફરે જો તે પારડીમાં તેણે કરેલ કૃત્ય માટે હિંદુ સમાજની માફી નહી માંગે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે અને તેના વિરૂધ્ધ આંદોલન માટે પણ તે તૈયાર રહે.

## અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે શપથ લેવામાં આવ્યા

અમરેલી, તા. ૩૦



તા. ૩૧ ઓકટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ છે, રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે નોંધનીય કામગીરી કરનારા, લોખંડી પુરૂષ તરીકે ખ્યાતનામ સરદાર પટેલના સંકલ્પને સાકાર કરવા, રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજોના સ્મરણ સાથે ' રાષ્ટ્રીય એકતા દિવસ'ના શપથ, અમરેલી જિલ્લા માહિતી કચેરીના અધિકારી અને કર્મચારીઓ સહિતનાઓએ લીધા હતા. સરદાર વલ્લભભાઈ પટેલે, દેશના અનેક રજવાડાઓ એક કરી અખંડ ભારતનું નિર્માણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે મહત્વની ફરજ નિભાવી, વર્ષ–૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો હતો. હૈદરાબાદ, જૂનાગઢ સહિતના ૫૦૦ થી વધુ રજવાડાંઓને એક કરવામાં, ભારતસંઘમાં જોડવામાં સરદાર વલ્લભભાઈ પટેલની કાર્યશૈલી અને ક્ષમતાઓ આજે પણ યાદ કરી ગર્વ થાય છે.

### પરિવારજનો ધારી તરફથી અમરેલી આવતાં હોય તે સમયે

## અમરેલીનાં જાણીતા કોહિનુર સ્ટોરનાં કોરડીયા પરિવારની કાર દેવરાજીયા ગામ નજીક વૃક્ષ સાથે અથડાઈ

### પરિવારનાં ૩ થી ૪ વર્ષના બાળકનું મોત નિપજયું અન્ય ૪થી ૫ વ્યકિતને સારવારમાં ખસેડાયા



અમરેલી, તા. ૩૦

અમરેલીનાં જાણીતા કોટન સ્ટોર્સના કોરડીયા પરિવારનાં સદસ્યોની કાર દેવરાજીયા ગામ નજીક વૃક્ષ સાથે અથડાતાં કારમાં સવાર ૩ થી ૪ વર્ષના બાળકનું મોત અને કારમાં સવાર અન્ય ૪ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતાં તમામને ૧૦૮ ની મદદથી સિવિલ હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં કાશ્મીરા ચોકમાં કાપડની દુકાન ધરાવતાં કોહિનુર સ્ટોરના નરેશભાઈ કોરડીયાનાં પુત્ર, પુત્રવધુ, દીકરી જમાઈ સહિતનાં પરિવારજનો ધારી તરફથી પરત અમરેલી આવી રહયા હોય તેમની વેગનઆર કાર વૃક્ષ સાથે અથડાતાં પરિવારનાં ૩ થી ૪ વર્ષના બાળકનું મોત થયાનુ અને અન્ય ૪ વ્યકિતઓ ઈજાગ્રસ્ત બન્યાનું જાણવા મળેલ છે.

જાણવા મળતી વિગત અનુસાર નરેશભાઈના પુત્રપ પુત્રવધુ અને પૌત્ર કેનેડા સ્થિત હોય તહેવારોનાં દિવસોમાં તેઓ અમરેલી આવ્યા હતા. અને દિવાળીનાં તહેવારમાં પરિવાર ઉપર વૃજઘાત થતાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા સહિતના આગેવાનો હોસ્પિટલે દોડી ગયા હતા.

# સુપ્રસિધ્ધ ખોડલધામ મંદિર રંગબેરંગી લાઈટથી ઝળહળ્યુ



રાજકોટ મા ખોડલને જયાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જીલ્લાના કાગવડ ગામ પાસે આવેલું ખોડલધામ મંદિર દેશ–વિદેશમાં જાણીતું બની ગયું છે. ટૂંકાગાળામાં જ ખોડલધામની ભકિતથી સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે. એમાંય વેકેશનના દિવસોમાં તો ખોડલધામ મંદિરે દરરોજ લાખોની સંખ્યામાં ભકતો ઉમટી પડે છે. ત્યારે હાલ દિવાળી પર્વને લઈને ખોડલધામ મંદિર અને સમગ્ર પરિસરને રંગબેરંગી લાઈટોથી શણગારી દેવામાં આવ્યું છે. ૫૦૦થી વધુ સ્વયંસેવકો અને ટ્રસ્ટનો સ્ટાફ સેવા બજાવશે દિવાળીના પર્વને લઈને ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. દિવાળીના પર્વને લઈને મંદિર પરિસરમાં રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું છે. દિવાળી પર્વમાં દેશ–વિદેશમાંથી લાખો ભકતો મા ખોડલના દર્શનાર્થે પધારવાના હોય વ્યવસ્થાના ભાગરૂપે દરરોજ ૫૦૦થી વધુ સ્વયંસેવકો અને ખોડલધામ ટ્રસ્ટ કાગવડનો સ્ટાફ સેવા બજાવશે. વિશાળ ૪ જેટલા પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ભકતો મા ખોડલના દર્શનાર્થે આવતા હોય ત્યારે તેઓને પાર્કિંગથી લઈને મંદિર સુધી કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે, પાર્કિંગ, મંદિર, કેન્ટીન અન્નપૂર્ણાલયપ બગીચા, ગજીબા, શકિતવન, ચા ઘર, પ્રસાદ ઘર સહિત તમામ જગ્યાએ સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહેશે. મંદિરમાં પરિસરમાં અવનવી રંગોળીઓ પૂરવામાં આવશે દિવાળી પર્વમાં દરરોજ માતાજીને અવનવા વિશિષ્ટ શણગાર કરવામાં આવશે. સાથે જ મંદિર પરિસરમાં અવનવી રંગોળીઓ પૂરવામાં આવશે. ભકતો મા ખોડલને સુખડી, શ્રીફળ, ચુંદડી સહિતનો પ્રસાદ ધરીને આરાધના કરતાં હોય છે ત્યારે ટ્રસ્ટ દ્વારા ૫૦ હજાર જેટલા સુખડીના પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે. ખોડલધામ મંદિર પરિસરના પ્રવેશદ્વાર ૫:૩૦ કલાકે ખોલવામાં આવે છે. સવારે ૬ કલાકે આરતી ઉતારવામાં આવે છે. ત્યારબાદ બપોરે અને સાંજે થાળ ધરવામાં આવે છે. સાંજે ૬:૩૦ કલાકે માતાજીની આરતી કરવામાં આવે છે. માતાજીના દર્શન દિવસ દરમિયાન ખુલ્લા રહે છે. સાંજે ૯ કલાકે માતાજીના દર્શન બંધ થાય છે અને મંદિર કેમ્પસ ૯:૩૦ કલાકે બંધ થાય છે. ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે દિવાળી અને નૂતન વર્ષની સૌ કોઈને શુભેચ્છા પાઠવી છે અને દર્શનાર્થીઓ મા ખોડલના દર્શન શાંતિપૂર્ણ માહોલમાં કરે તેવી અપીલ કરી છે.

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

शुभ दीपावली

दीप जगमगाते रहें,
सबके घर झिलमिलाते रहें,
साथ हों सब अपने
सब यूँही मुस्कुराते रहें.

: શુભેચ્છક :

**શ્રી વિનુભાઈ રવજીભાઈ રૈયાણી** - ચેરમેન
**શ્રી હરસુરભાઈ ભાણાભાઈ વાઘ** - વાઈસ ચેરમેન
**તથા તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારીગણ....**

### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાંભા

મુ. ખાંભા, તા. ખાંભા, જી. અમરેલી.



## શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છાઓ

પ્રમુખશ્રી
તેમજ સમગ્ર ટ્રસ્ટીગણ
શ્રી કેળવણી મંડળ - ખાંભા

આચાર્યશ્રી
શ્રી કે.ડી. સતાસિયા
શ્રી જે.એન. મહેતા હાઈસ્કુલ-ખાંભા

તેમજ તમામ શિક્ષકગણ તથા સમગ્ર સ્ટાફ પરિવાર..

### જે. એન. મહેતા હાઈસ્કૂલ - ખાંભા

મુ. ખાંભા, તા. ખાંભા, જિ. અમરેલી



## શુભ દિપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદન

નવુ વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ...

Happy Diwali

શુભેચ્છક

**શ્રી એ.પી. અંટાળા** - મામલતદાર
**શ્રી દિલીપભાઈ જોગદીયા** - નાયબ મામલતદાર
**શ્રી જયદેવભાઈ ગઢવી** - સર્કલ ઓફિસર
**શ્રી સંદિપભાઈ કોઠારી** - રેવન્યુ તલાટી મંત્રી

### મામલતદાર કચેરી - ખાંભા

મુ. ખાંભા, તા.ખાંભા, જિ.અમરેલી



## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

**શ્રી રીનાબહેન બાબાભાઈ ખુમાણ** (સરપંચ)
**શ્રી કૌશીકભાઈ અરજણભાઈ ધામેલીયા** (ઉપસરપંચ)
**શ્રી જયદિપભાઈ ચાવડા** (તલાટી મંત્રી)
**શ્રી ભારતીબેન પ્રવિણભાઈ બાબરીયા** (ચેરમેન, સા.ન્યાય સમિતિ)

: સદસ્યશ્રીઓ :

શ્રીમતી હિનાબેન એન. હરીયાણી
શ્રીમતી અરૂણાબેન ડી. ચૌહાણ
શ્રીમતી શોભનાબેન એન. વાઘેલા
શ્રીમતી ભાવનાબેન આર. દેવેરા
શ્રીમતી ચંપાબેન કે. ચૌહાણ
શ્રીમતી પ્રભાબેન આર. કાકલોતર
શ્રી ભુપતભાઈ એન. પાટડીયા
શ્રી ભદ્રેશસિંહ એફ. રાઠોડ
શ્રી ઈન્દ્રસિંહ જે. રાઠોડ
શ્રી ભાનુભાઈ એમ. આંબલીયા
શ્રી શનાભાઈ એસ. પલાસ
શ્રી અરવિંદભાઈ પી. વરીયા

**શ્રી બાબાભાઈ બી. ખુમાણ** (અગ્રણી)

કલાર્ક
પિયુશભાઈ એચ. જોષી

કોમ્પ્યુટર ઓપરેટર
અભિ એ. હરીયાણી

તથા તમામ કર્મચારીગણ...

### ખાંભા ગ્રામ પંચાયત કચેરી - ખાંભા

મુ. ખાંભા, તા. ખાંભા, જી. અમરેલી.



## શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છાઓ

**શ્રી નાથાભાઈ ગોવાભાઈ વિંઝુડા** - સરપંચ
**શ્રી અનકભાઈ ઉનડભાઈ મોભ** - ઉપસરપંચ
**શ્રી વાળાબેન** - તલાટી મંત્રી
તેમજ તમામ ગ્રામ પંચાયત સદસ્યશ્રીઓ...

### દાઢીયાળી ગ્રામ પંચાયત કચેરી - દાઢીયાળી

મુ. દાઢીયાળી, તા. ખાંભા, જિ. અમરેલી



## શુભ દિપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદન

આવનારૂ નવલુ વર્ષ આપ સર્વ માટે લાભદાયી,સુખદાયી, યશદાયી નીવડે
એજ અભ્યર્થનાં સહ નવા વર્ષનાં રામ..રામ

શુભેચ્છક

શ્રી રામભાઈ કાનાભાઈ ધામેલીયા (પ્રમુખ)
શ્રી કરશનભાઈ મનજીભાઈ કાકલોતર (ઉપપ્રમુખ)
શ્રી લાલજીભાઈ ધનજીભાઈ ઉનાગર (મંત્રી)
શ્રી ગુણવંતભાઈ શામજીભાઈ કળસરીયા (કમ્પ્યુટર ઓપરેટર)
તેમજ તમામ સદસ્યશ્રીઓ

### ખાંભા સેવા સહકારી મંડળી લી.

મુ.ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી

### હિંદુઓના તહેવારો સમયે જ કેમ ફટાકડા પર પ્રતિબંધ

# RSS ચીફના સવાલો પર કેજરીવાલે જવાબ આપ્યો

**દિવાળી એ રોશનીનો તહેવાર છે અને ફટાકડાના કારણે થતા પ્રદૂષણનો માર બાળકોને સહન કરવો પડે છે : કેજરીવાલ**

નવી દિલ્હી,તા.૩૦

દિલ્હીમાં દિવાળી પર ફટાકડા પર પ્રતિબંધને લઈને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે તેમાં કોઈ હિન્દુ-મુસ્લિમ મુદ્દો નથી. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનરે જણાવ્યું હતું કે દિવાળી એ રોશનીનો તહેવાર છે અને ફટાકડાના કારણે થતા પ્રદૂષણનો માર આપણા બાળકોને સહન કરવો પડે છે. તેમણે આ જવાબ આરએસએસના વડા મોહન ભાગવતની ટિપ્પણીને લઈને આપ્યો જેમાં તેમણે કહ્યું હતું કે માત્ર હિન્દુ તહેવારો પર જ પ્રતિબંધ શા માટે લાદવામાં આવે છે.

બુધવારે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અરવિંદ કેજરીવાલને મોહન ભાગવતની ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું હતું. કેજરીવાલે હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધીના કેસ ટાંકીને જવાબ આપ્યો અને હિન્દુ-મુસ્લિમને કારણ તરીકે સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તેમણે કહ્યું કે, 'સુપ્રીમ કોર્ટ પણ કહે છે, હાઈકોર્ટ પણ કહે છે કે પ્રદૂષણને ધ્યાનમાં રાખીને આપણે ફટાકડા ન ફોડવા જોઈએ. આ રોશનીનો તહેવાર છે. ચાલો દીવાઓ અને મીણબત્તીઓ પ્રગટાવીને તહેવારો ઉજવીએ, ફટાકડા ફોડીને નહીં. ફટાકડાથી પ્રદૂષણ થાય છે. કેજરીવાલે વધુમાં કહ્યું કે, 'એવું નથી કે અમે કોઈના પર ઉપકાર કરી રહ્યા છીએ, આપણે આપણા પર પણ ઉપકાર કરી રહ્યા છીએ. જે પ્રદૂષણ થશે તે આપણે અને આપણા નાના બાળકો જ સહન કરશે. આમાં કોઈ હિંદુ કે મુસ્લિમ નથી, દરેકનો શ્વાસ મહત્ત્વનો છે, દરેકનો જીવ મહત્ત્વનો છે. નોંધનીય છે કે મોહન ભાગવતે પ્રદૂષણના કારણે દિવાળી પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવવાના નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે અને કહ્યું છે કે માત્ર હિન્દુ તહેવારો પર જ શા માટે દરેકનું આ રીતે પરિક્ષણ કરો. જો કે, તેમણે એમ પણ કહ્યું કે દેશને પરિસ્થિતિ અનુસાર બદલી શકાય છે. ધાર્મિક વિધિઓ ધ્રુવીય રેખાઓ નથી, તે બદલાતી રહે છે, હિન્દુઓમાં આમાં કોઈ પ્રતિબંધ નથી. તેમણે કહ્યું કે અગાઉ ફટાકડા શુદ્ધ ગનપાઉડરમાંથી બનાવવામાં આવતા હતા અને તેના ધુમાડાથી ખેતરોમાં જીવાતોને પણ નિયંત્રિત કરવામાં આવતી હતી. જો આજે તેમાં કોઈ ઉપદ્રવ છે, તો આપણે તેને બદલી શકીએ છીએ.

### મંત્રીએ ઘણી મુશ્કેલીઓ અને કારણ જણાવ્યા

# મહારાષ્ટ્રમાં ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે દિગ્ગજ મંત્રી પડયા મોડા

**અધિકારીઓએ તેમની કોઈ વાત ન સાંભળી**

મહારાષ્ટ્ર, તા.૩૦

મહારાષ્ટ્ર્માં ચૂંટણી લડવા માટે ઉમેદવારની નોંધણી કરાવવાની છેલ્લી તારખી ૨૯ ઓક્ટોબર હતી. જોકે, મહારાષ્ટ્રના નાગપુરમાં સેન્ટ્રલ બેઠક પર નામાંકન દરમિયાન જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. કોંગ્રેસના પૂર્વ નેતા અને મંત્રી રહી ચુકેલા અનીસ અહેમદ બે મિનિટ મોડા પહોંચતા ઉમેદવારી નોંધાવી શક્યા ન હતાં. જેના માટે તેઓએ ઘણી મુશ્કેલીઓને કારણ જણાવ્યું, પરંતુ અધિકારીઓએ તેમની કોઈ વાત ન સાંભળી. નોંધનીય છે કે, નામાંકનનીની પ્રક્રિયા સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી શરૂ હોય છે. કોંગ્રેસ સાથે ચાર દાયકા જૂનો સંબંધ તોડી અહેમદ વંચિત બહુજન અઘાડીમાં સામેલ થઈ ગયાં છે. મળતી માહિતી મુજબ, ૩ વાગ્યે ડેડલાઈન ખતમ થઈ જવાથી રિટર્નિંગ અધિકારીએ નામાંકનનો સ્વીકાર ન હતો કર્યો. સવરથી લઈને અંતિમ સમય સુધી અહેમદની ગેરહાજરીના કારણે ઘણાં પ્રકારની અટકળો ચાલી રહી છે. અહેમદે અધિકારીઓને કારણ જણાવ્યું કે, તેઓને વાહનોની મુશ્કેલી, રોડ બંધ થવા, સુરક્ષા પ્રોટોકોલ અને છેલ્લી ઘડીએ દસ્તાવેજોના કામના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. આ દરમિયાન તેઓએ પગમાં ઈજા થવાનું પણ જણાવ્યું. તેઓએ કહ્યું કે, એનઓસી લેતા, સર્ટિફિકેટ મેળવતા, રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખાતુ ખોલાવવામાં મને ૨:૩૦ વાગી ગયાં.

મળતી માહિતી મુજબ ધારાસભ્ય અનીષ અહેમદે કહ્યું કે, જે મુસ્લિમ અમને દલિતોએ કોંગ્રેસને લોકસભામાં જીતાડી, હવે તે ટિકિટ વહેંચણીમાં પોતાને છેતરાયા હોવાનું અનુભવે છે. એટલું જ નહીં તેઓએ કોંગ્રેસ પર પક્ષપાત કરવાનો પણ આરોપ લગાવ્યો.

જણાવી દઈએ કે, અનીષ અહેમદ સોમવારે પ્રકાશ આંબેડકરની બીવીએમાં સામેલ થયાં હતાં. પાર્ટી પ્રમુખ પ્રકાશ આંબેડકરની હાજરીમાં અહેમદે પાર્ટીનું સભ્ય પદ મેળવ્યું હતું. આ દરમિયાન અહેમદે કહ્યું કે, હું ત્રણવાર નાગપુર સેન્ટ્રલ બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છું. કોંગ્રેસ સોશિયલ એન્જીનિયરિંગ કરવામાં વિફળ રહી.

### ચાંદીની ખરીદીમાં પણ બમ્પર ઉછાળો

# ધનતેરસના દિવસે ૨૦ હજાર કરોડનું સોનું વેચાયું

**સોના-ચાંદી ઉપરાંત વાહનો, ઈલેક્ટ્રોનિક સાધનો, વાસણો, કપડાં સહિતની ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ**

નવી દિલ્હી, તા.૩૦

ધનતેરસ પર સોનાની ખરીદીમાં ઘટાડો જોવા મળ્યો છે, કારણ કે લોકોને આશા હતી કે ધનતેરસ પર સોનાના ભાવમાં ઘટાડો થશે પરંતુ તેમ થયું નથી. જોકે, ચાંદીના વેચાણમાં ઉછાળો આવ્યો છે.

આ ઉપરાંત ધનતેરસ પર અન્ય બજારોમાં ઉત્તેજના જોવા મળી હતી. સોના-ચાંદી ઉપરાંત વાહનો, ઈલેક્ટ્રોનિક સાધનો, વાસણો, કપડાં સહિતની અન્ય ચીજવસ્તુઓની સારી ખરીદ-વેચાણ થઈ હતી. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAT) અનુસાર, આ વર્ષે ધનતેરસના અવસર પર ૬૦ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ થવાની આશા છે. જ્યારે ગયા વર્ષે ટર્નઓવર ૫૦ હજાર કરોડ રૂપિયા હતું જે ૨૦ ટકા વધુ છે.

ધનતેરસ પર, મોટાભાગના લોકો સોનું અને ચાંદી (ગોલ્ડ-સિલ્વર પ્રાઈસ) ખરીદે છે, જેના કારણે ધનતેરસના અવસર પર સોના અને ચાંદીની ખરીદી વધી જાય છે. ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ પંકજ અરોરાએ જણાવ્યું હતું કે ભાવમાં વધારો થવા છતાં આ ધનતેરસમાં સોના અને ચાંદીનું સારું વેચાણ થયું છે. દેશભરમાં ૨૦ હજાર કરોડ રૂપિયાનું સોનું અને ૨૫૦૦ કરોડ રૂપિયાની ચાંદીની ખરીદી કરવામાં આવી હતી. એક અંદાજ મુજબ લગભગ ૩૦ ટન સોનું વેચાયું હતું, જેની કિંમત ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધુ છે. તે જ સમયે, ૨૫૦ ટન ચાંદીનું વેચાણ થયું છે, જેની કિંમત ૨૫૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. જ્યારે ગયા વર્ષે સોના અને ચાંદીનો કારોબાર મળીને લગભગ ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનો હતો.

ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના રાષ્ટ્રીય સચિવ સુરેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે આજે ચાંદીના વેચાણમાં ૩૩ ટકાનો વધારો થયો છે, જ્યારે સોનાના વોલ્યુમમાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે. મહેતાના મતે આ ધનતેરસ પર સોનાનું વેચાણ ૩૫ ટન સુધી પહોંચવાની ધારણા છે, જે ગયા વર્ષના ૪૨ ટન કરતાં ઓછું છે. ગત દિવાળીથી સોનાના ભાવમાં ૩૦ ટકાનો વધારો થયો છે. મંગળવારે ૧૦ ગ્રામ સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૭૮,૪૩૦ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જે અગાઉના બંધ કરતાં ૦.૬ ટકા વધુ છે. ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી બોડી FADA અનુસાર, ધનતેરસ પર કાર અને ટુ-વ્હીલરના વેચાણમાં ૨૦ થી ૨૫ ટકાનો ઉછાળો આવી શકે છે. દશેરા દરમિયાન આ વધારો પાંચથી ૧૨ ટકા હતો. દિવાળી પર વેચાણનો આ આંકડો બમણો થઈ શકે છે. ધનતેરસ પર કારના વેચાણમાં ૧૦ ટકા અને ટુ-વ્હીલરના વેચાણમાં ૧૫ ટકાનો વધારો થવાની ધારણા છે.

દરમિયાન, ઉદ્યોગ સંગઠન SIEMAએ કહ્યું કે ધનતેરસના દિવસે ફ્રિજ, ટીવી, વોશિંગ મશીનની સાથે સ્માર્ટફોનના વેચાણમાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો થઈ શકે છે.

### ગુજરાતમાં ભાદરવા જેવી ગરમી !!

# રાજ્યમાં એક સપ્તાહ તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ જ રહે તેવી સંભાવના

**દિવાળીના તહેવારમાં પણ ગરમીથી નહિ મળે રાહત**

અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં આસો માસમાં ભાદરવા જેવી ગરમી યથાવત રહેતાં સળંગ છઠ્ઠા દિવસે ૩૭ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. હજુ એક સપ્તાહ તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ જ રહે તેવી સંભાવના છે. ૩૭.૨ ડિગ્રી સાથે અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૩ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. દિવસ દરમિયાન આકરા તાપથી લોકો ત્રસ્ત થયા હતા. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના અનુમાન અનુસાર અમદાવાદમાં આગામી પાંચ દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર જઈ શકે છે. આમ, દિવાળીના તહેવારોમાં પણ ગરમીથી રાહત મળવાની સંભાવના નહિવત છે. સોમવારે રાત્રિએ અમદાવાદમાં ૨૪.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૫.૪ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. હાલની સ્થિતિ પ્રમાણે પાંચ નવેમ્બર બાદ અમદાવાદમાં ઠંડીનો ચમકારો વધી શકે છે. દરમિયાન આજે ૩૯.૭ ડિગ્રી સાથે ડીસામાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૩૯ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩ ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

**ગુજરાતમાં ક્યાં વધારે ગરમી**

| શહેર | તાપમાન |
|---|---|
| ડીસા | ૩૯.૭ |
| રાજકોટ | ૩૯.૦ |
| ભુજ | ૩૭.૮ |
| અમદાવાદ | ૩૭.૨ |
| અમરેલી | ૩૭.૦ |
| વડોદરા | ૩૭.૦ |
| ગાંધીનગર | ૩૭.૦ |
| છોટા ઉદેપુર | ૩૬.૦ |
| સુરત | ૩૫.૬ |
| ભાવનગર | ૩૫.૨ |

### ખેડૂતો માટે સારા સમાચાર

# ટેકાના ભાવની ખરીદી માટેની નોંધણીની તારીખ લંબાવાઈ

**મગફળી, સોયાબીન,મગ અને અડદના ટેકાના ભાવની ખરીદી માટેની નોંધણી ૧૧ નવેમ્બર સુધી લંબાવાઈ**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃદ્ધિ પોર્ટલ તા. ૦૩-૧૦-૨૦૨૪થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી પ્રક્રિયા આગામી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ રૂ. ૭૬૪૫ કરોડના મૂલ્યની ૧૧.૨૭ લાખ મેટ્રિક ટન મગફળી, રૂ. ૪૫૦ કરોડના મૂલ્યની ૯૨૦૦૦ મેટ્રિક ટન સોયાબીન, રૂ. ૩૭૦ કરોડના મૂલ્યની ૫૦૯૭૦ મેટ્રિક ટન અડદ અને રૂ. ૭૦ કરોડના મૂલ્યની ૮૦૦૦ મેટ્રિક ટન મગની મળીને કુલ રૂ.૮૪૭૪ કરોડના મુલ્યની આશરે ૧૨.૭૮ લાખ મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગફળીના ટેકાનો ભાવ રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૩૫૬ પ્રતિ મણ), મગનો ટેકાનો ભાવ રૂ. ૮૬૮૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૭૩૬ પ્રતિ મણ), અડદનો ટેકાનો ભાવ રૂ. ૭૪૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૪૮૦ પ્રતિ મણ) તથા સોયાબીનનો ટેકાનો ભાવ રૂ. ૪૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૯૭૮ પ્રતિ મણ) જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના ૧૬૦ જેટલા ખરીદ કેન્દ્રો પર રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમ બાદ તા. ૧૧-૧૧-૨૦૨૪ ના રોજથી શરૂ કરવામાં આવશે અને તા. ૦૮-૦૨-૨૦૨૫ના રોજ પૂર્ણ થશે.

### વૃદ્ધ દર્દીના સેમ્પલ પરિક્ષણ માટે પૂનાની લેબમાં મોકલાયા

# દિવાળી ટાણે ગાંધીનગરમાં ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ

**વાંરવાર વરસાદી ઝાપટા અને વાદળછાળા વાતાવરણને મચ્છરજન્ય રોગચાળાની સિઝન લાંબી ચાલી રહી છે**

ગાંધીનગર, તા.૩૦

વાંરવાર વરસાદી ઝાપટા અને વાદળછાળા વાતાવરણને મચ્છરજન્ય રોગચાળાની સિઝન લાંબી ચાલી રહી છે. નવરાત્રિમાં પણ વરસાદી માહોલ છવાયો હતો.વાયરલ બિમારીઓ વધી રહી છે, બીજી બાજુ મચ્છરજન્ય બિમારીઓના કેસ પણ દિવાળી શરૂ થઈ ગયા પછી પણ સતત સામે આવી રહ્યા છે. જે ચિંતાજનક બાબત છે.આ વખતે ડેન્ગ્યુ પણ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. તો બીજી બાજુ ચિકનગુનીયાના કેસો પણ સતત વધી રહ્યા છે. મચ્છરથી ફેલાતા ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ ગાંધીનગરમાંથી મળી આવ્યો છે. સેક્ટર-૫માં રહેતા વૃદ્ધની તબિયત લથડતા તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા.જે દરમ્યાન તબીબોને વૃદ્ધ દર્દીના લક્ષણો અલગ લાગતા તેમણે ઝીકા વાયરસના પરિક્ષણ માટે જરૂરી સેમ્પલ લેવડાવ્યા હતા, અને તે પૂનાની લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. તેના રિપોર્ટના આધારે વૃદ્ધને ઝીકા વાયરસ પોઝિટીવ છે કે નહીં તેનો ખ્યાલ આવશે.

### પાર્કિંગ પ્લોટથી સીધો આશ્રમ સુધી રોડ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે

# ૯ નવેમ્બર ૨૦૨૪ પછી ગાંધી આશ્રમ રોડ કાયમ માટે બંધ

**સાબરમતી આશ્રમના નવીનીકરણના પગલે ૯ નવેમ્બર ૨૦૨૪ પછી ગાંધી આશ્રમ રોડ કાયમ માટે બંધ થઈ જશે**

અમદાવાદ, તા.૩૦

સાબરમતી આશ્રમ હાલમાં નવીનીકરણ હેઠળ છે, જે વર્ષ ૨૦૨૬ માં પૂર્ણ થવાની સંભાવના છે. સાબરમતી આશ્રમના નવીનીકરણના પગલે ૯ નવેમ્બર ૨૦૨૪ પછી ગાંધી આશ્રમ રોડ કાયમ માટે બંધ થઈ જશે. આ રસ્તો બંધ કરતા પહેલા એક માર્ગ ચાલુ કરવામાં આવ્યો છે. આ રોડથી લોકો ગાંધી આશ્રમ જઈ શકશે. આ ઉપરાંત ગાંધી આશ્રમ જવા માટે બે નવા પાર્કિંગ પ્લોટ પણ બનાવવામાં આવ્યા છે.

આ પાર્કિંગ પ્લોટથી સીધો આશ્રમ સુધી રોડ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. નવેમ્બરના બીજા સપ્તાહમાં ગાંધી આશ્રમના પુનઃવિકાસના મુદ્દે સરકાર સાથે બેઠક થશે, મુખ્યમંત્રી સાથેની બેઠકમાં ગાંધી આશ્રમના અધિકારીઓ હાજર રહેશે. હાલના પાર્કિંગનું ૨ ઓક્ટોબરે વિસ્તરણ કરવામાં આવશે.

સાબરમતી આશ્રમ અને મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના સ્પેશિયલ એક્ઝિક્યુટિવ ઓફિસર આઈ.કે.પટેલે જણાવ્યું હતું કે હાલના પાર્કિંગનું વિસ્તરણ કરવામાં આવશે. આશ્રમ રોડ બંધ કરી આખો રોડ એકમાં ફેરવાશે. ૩૨૨ એકરનો બાઉન્ડ્રી એરિયા છે, જેમાં ૧૮ મીટરના બે નવા રોડ અને ૩૦ મીટરનો એક રોડ એટલે કે કુલ ૩ રોડ બનાવવામાં આવશે. જેના કારણે આશ્રમ રોડ (ગાંધી આશ્રમ) તરફ આવતા ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૮ મીટરનો રોડ શરૂ કરવામાં આવ્યો છે. ચંદ્રભાગા નાળા પર બીજો રસ્તો બનાવી શકાય છે. હાલ ૩૦ મીટરનો નવો રોડ બનાવવાનું આયોજન ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે જે આશ્રમને ડાયવર્ટ કરવામાં આવી રહ્યો હતો તે અમદાવાદનો લો લાઈન વિસ્તાર હતો. આસપાસના વિસ્તારમાં આવેલ પ્રબોધ રાવલ બ્રિજ અને પરીક્ષિતલાલ બ્રિજ આશ્રમ વિસ્તાર કરતા ૬ મીટર ઉંચા હતા, તેથી તેને સમતળ કરવામાં આવ્યા છે.

ચૂનો, કંજરના બીજ, ગોળ, અડદ, ગુગલ, મેથી, ચિરોડીનો ઉત્પાદનમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. જૂના ગાંધી આશ્રમ અને નવા ગાંધી આશ્રમ વચ્ચેના ફેરફાર અંગે આઈ.કે.પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન આશ્રમ ૫ એકરનો છે, જેના વિશે ઘણી બધી માહિતી છે, પરંતુ હજુ પણ એવી ઘણી વસ્તુઓ છે જે આશ્રમની બહાર છે, જે વિશે જેની કોઈની પાસે માહિતી નથી, એટલે કે ગાંધીજીના સમયનું મૂળ આશ્રમ અમે પાછું લાવી રહ્યા છીએ. જૂની ઈમારતોના બાંધકામમાં ચૂનો, ગોળ, મેથી, અડદ, ગુગ્ગલ, શંખજીરા, ચિરૌરી અને રીડનો ઉપયોગ થતો હતો. તેવી જ રીતે, આ બાંધકામમાં પણ સમાન વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### અયોધ્યામાં દિવાળીએ બનશે નવો રેકોર્ડ

# અયોધ્યામાં દીપોત્સવમાં ૨૫ લાખથી વધુ દીવા પ્રગટાવાશે

**આ ભવ્ય કાર્યક્રમ માટે ૩૦ હજાર સ્વયંસેવકોની મદદથી ૨૫ લાખથી વધુ દીવાઓ પ્રગટાવવાની તૈયારીઓ પૂર્ણ**

અયોધ્યા, તા.૩૦

રામ લલ્લાના પ્રાણ પતિષ્ઠા બાદ નવો વિશ્વ રેકોર્ડ બનાવવા માટે પ્રથમ દીપોત્સવની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. યોગી સરકારના દીપોત્સવની આઠમા સંસ્કરણ રામ મનોહર લોહિયા અવધ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. પ્રતિભા ગોયલના સંચાલન હેઠળ દીપોત્સવ-૨૦૨૪ને ઐતિહાસિક બનાવવામાં આવી રહ્યો છે. અને આ ભવ્ય કાર્યક્રમ માટે ૩૦ હજાર સ્વયંસેવકોની મદદથી ૨૫ લાખથી વધુ દીવાઓ પ્રગટાવવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

મંગળવારે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમના કન્સલ્ટન્ટ નિશ્ચલ બારોટના નેતૃત્વમાં ૩૦ સભ્યોએ સરયુના ૫૫ ઘાટ પર દીવાઓની ગણતરી કરવામાં આવી હતી. આ દરમિયાન સુપરવાઈઝર, ઘાટ ઈન્ચાર્જ, સંયોજક અને મતગણતરી સ્વયંસેવકો હાજર રહ્યા હતા. દીપોત્સવને અલૌકિક અને ભવ્ય બનાવવા માટે યુનિવર્સિટી વહીવટીતંત્રે સ્વયંસેવકો અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શિકા આપ્યું છે.

દીપોત્સવના દિવસે દીવાઓમાં તેલ ભરવા માટે એક લિટર સરસવની બોટલ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્વયંસેવકો ૨૮ લાખ દીવાઓમાં સાવધાનીપૂર્વક તેલ નાખતાં રહેશે. આ ઉપરાંત ઘાટ પર તેલ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

યુનિવર્સિટી પ્રશાસન દ્વારા સરયૂના ૫૫ ઘાટોને ૨૮ લાખ દીવાથી સજાવવાના કામને આખરી ઓપ આપ્યો હતો. તેની તૈયારીઓ માટે યુનિવર્સિટીએ સુપરવાઈઝર, ઘાટ ઈન્ચાર્જ અને કાઉન્ટિંગ વોલેન્ટિયર્સ સાથે બે હજારથી વધુની વિશાળ ટીમ ઉતારવામાં આવી છે. તેમની દેખરેખ હેઠળ દિવાળી દરમિયાન ૨૫ લાખથી વધુ દીવા પ્રગટાવવામાં આવશે.

દિપોત્સવના આ પર્વની ભવ્યતા વિશ્વ મંચ પર જોવા મળે તે માટે યુનિવર્સિટી કેમ્પસના સ્વયંસેવકો દ્વારા ઘાટ નંબર ૧૦ પર સ્વસ્તિકને ૮૦ હજાર દીવાઓથી શણગારવામાં આવ્યો છે. તેનાથી વિશ્વભરને શુભ સંદેશ મળશે. અને તે આકર્ષણનું કેન્દ્ર બનશે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.પ્રતિભા ગોયલના કુશળ માર્ગદર્શન હેઠળ ૩૦ હજાર સ્વયંસેવકો દ્વારા ૫૫ ઘાટ પર ૧૬૨૧૬ દીવાઓનો બ્લોક બનાવવામાં આવ્યો છે, જેમાં ૨૫૬ દીવાઓને શણગારવામાં આવ્યા છે. જેમાં એક સ્વયંસેવકને ૮૫ થી ૯૦ દીવા પ્રગટાવવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. દીપોત્સવ નોડલ ઓફિસર પ્રો. સંત શરણ મિશ્રાએ જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશ સરકાર અને જિલ્લા વહીવટીતંત્રની મદદથી યુનિવર્સિટી વહીવટીતંત્ર દ્વારા કાર્યને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ઘાટ પર સુરક્ષાને ધ્યાનમાં રાખીને સઘન કરવામાં આવી છે. આઈડી કાર્ડ વગર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

### અનેકને ઈજા, વાહનોમાં તોડફોડ

# ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ટોળા દ્વારા હુમલો કરાયો

**મારામારીમાં અનેકને ઈજા, પોલીસે ફરિયાદ નોંધી હતી**

જમ્મુ, તા.૩૦

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના ધારાસભ્યની રેલીમાં ભારે ધમાલ મચી હતી. ટોળાએ રેલીમાં હુમલો કરતા સ્થિતિ તંગ બની છે, જેમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ દરમિયાન અનેક વાહનોને પણ નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અધિકારીઓએ સ્થળ પર દોડી આવીને કાર્યવાહી કરી છે. પોલીસે સ્થિતિને કાબુ કરવા માટે ટોળા પર ટીયર ગેસના સેલ છોડ્યા છે. બીજી તરફ નેશનલ કોન્ફરન્સે હુમલા પાછળ ભાજપનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે, તો બીજીતરફ ભાજપે પણ વળતો જવાબ આપ્યો છે. પોલીસે જણાવ્યું કે, મારમારીમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમને તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્રણને વધુ ઈજા થઈ હોવાથી સારી સારવાર માટે શ્રીનગરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. પોલીસે ઘટનાને ધ્યાને રાખી વિવિધ કાયદાકીય કલમો હેઠળ કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી દીધી છે. હાલ આ મામલે કોઈપણની ધરપકડ કરવામાં આવી નથી.

નેશનલ કોન્ફરન્સ ધારાસભ્ય નજીર અહમદ ખાને રેલીમાં હુમલો કરવા પાછળ ભાજપના કાર્યકર્તાઓ અને હરીફ ભાજપના નેતા ફકીર મોહમ્મદ ખાનના સંબંધીઓને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, ભાજપે જાણીજોઈને રેલીને નિશાન બનાવ્યું છે અને તેમનો સમર્થકોના હુમલાના કારણે અનેક લોકોને ઈજા થઈ છે. બીજીતરફ ભાજપ નેતાએ પણ ધારાસભ્યના આક્ષેપોનો વડતો જવાબ આપ્યો છે.

ભાજપ નેતા ફકીર મોહમ્મદ ખાના પુત્ર અને તુલૈલાના ડીડીસી એજાજ અહમદ ખાને ધારાસભ્ય નજીર ખાનના આક્ષેપોનો પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, 'રેલીમાં આવેલા સમર્થકોએ ભાજપના કાર્યકર્તાઓના ઘરો પર પથ્થર મારો કર્યો છે, જેનો ગ્રામજનો વિરોધ કરી રહ્યા છે. અમારા કાર્યકર્તાઓને પણ ઈજા થઈ છે અને અનેક ઘરોને નુકસાન થયું છે.' આ ઘટનાને લઈ સ્થાનિક પોલીસ દ્વારા ફરિયાદ નોંધ્યા બાદ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

### સતત ૨૪ કલાક કામ કરશે

# હવે ભારતમાં પણ તરતા પરમાણુ પાવર પ્લાન્ટ બનશે

**સરકારે ન્યુક્લિયર એનર્જી અંગે ત્રણ નિર્ણયો લીધા : ભારત નાના મોડ્યુલર રિએક્ટર બનાવવા ખાનગી કંપનીઓ સાથે કામ કરશે**

નવી દિલ્હી, તા.૩૦

ભારત પરમાણુ ઉર્જાના મામલામાં શક્તિના શિખર હાંસલ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. ભારતમાં પણ હવે એવા ન્યુક્લિયર પ્લાન્ટ બનાવવાની તૈયારી ચાલી રહી છે, જેમાંથી વીજળીનું ઉત્પાદન કરી શકાય. સરકારે ન્યુક્લિયર એનર્જી અંગે ત્રણ મહત્વના નિર્ણયો લીધા છે. ભારત નાના મોડ્યુલર રિએક્ટર બનાવવા માટે ખાનગી કંપનીઓ સાથે કામ કરશે.

રશિયા જેવા દેશો ભારત સાથે નાના મોડ્યુલર ન્યુક્લિયર રિએક્ટરની ટેકનોલોજી શેર કરી રહ્યા છે. સરકાર પરમાણુ ઉર્જા ક્ષેત્રે સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. સરકાર પરમાણુ ઉર્જા દ્વારા મહત્તમ વીજળી ઉત્પન્ન કરવાના લક્ષ્ય પર કામ કરશે. અત્રે ઉલ્લેથનીય છે કે, નાના મોડ્યુલર રિએક્ટરને સામાન્ય ભાષામાં ફ્લોટિંગ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પણ કહેવામાં આવે છે. કારણ કે તેને મોટા જહાજની જેમ સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. રશિયામાં આવા તરતા પાવર પ્લાન્ટ્સ છે, જેમાંથી તે વીજળી ઉત્પન્ન કરે છે અને લોકોના ઘરોમાં પ્રકાશ પૂરો પાડે છે. હવે રશિયન ટેક્નોલોજીની મદદથી ભારત ફ્લોટિંગ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પણ બનાવશે.

ભારતમાં ફ્લોટિંગ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ કેવી રીતે ઉર્જા ક્ષેત્રમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે અને વીજળીની વધતી માંગ વચ્ચે વરદાન સાબિત થઈ શકે છે તે જાણવું પણ મહત્વપૂર્ણ છે. ભારતમાં જે પરમાણુ રિએક્ટર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, તેના નિર્માણનો ખર્ચ મોટા પરમાણુ રિએક્ટર કરતા લગભગ ૮ ગણો ઓછો છે.

એક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતમાં વીજળીની માંગમાં ૮૦ થી ૧૫૦ ટકાનો વધારો થવાની ધારણા છે. આવી સ્થિતિમાં આવા પાવર પ્લાન્ટ પાવર સપ્લાયનું નવું અને હાઈટેક માધ્યમ બની શકે છે. ભારતના દક્ષિણ ભાગમાં આવેલા આંદામાન અને નિકોબાર ટાપુઓ પર, થર્મલ પાવર પ્લાન્ટ્સમાં વીજળીનું ઉત્પાદન થાય છે, જ્યાં ૯૫ ટકા વીજળી ડીઝલની મદદથી ઉત્પન્ન થાય છે. અહીં ૪૨ પાવર સ્ટેશન અને કુલ ૮૧૦૦૦ ગ્રાહકો છે. આ ટાપુઓ પર બળતણ અને સાધનસામગ્રીનું પરિવહન કરવું મોંઘું કામ છે, કુદરતી આફતો અને તોફાનોના કિસ્સામાં, ત્યાંની વીજ પુરવઠાની વ્યવસ્થા અટકી જાય છે. આવા પાવર પ્લાન્ટ આ સ્થળોએ વીજળી પૂરી પાડવા માટે ખૂબ મદદરૂપ સાબિત થશે. ચીન પછી, ભારત વિશ્વમાં વીજળી ઉત્પન્ન કરવા માટે સૌથી વધુ કોલસાનો ઉપયોગ કરે છે.

**તેની વિશેષતા શું છે?**

- ફ્લોટિંગ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ૨૪ કલાક સતત કામ કરી શકે છે
- તેનાથી ભારતમાં ઊર્જા માટે કોલસા પરની નિર્ભરતા ઓછી થશે.
- ફ્લોટિંગ ન્યુક્લિયર પ્લાન્ટ કોલસાના રિએક્ટર કરતાં ૯૦ ટકા ઓછું કાર્બન ઉત્પન્ન કરે છે
- થર્મલ પાવર પ્લાન્ટ કરતાં ૯૦ ટકા ઓછી જમીન વાપરે છે
- થર્મલ પાવર પ્લાન્ટની તુલનામાં ૭૦ ટકા ઓછું પાણી વાપરે છે.


## દીપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન

નવા વર્ષે "સહકાર સે સમૃધ્ધિ" તરફ આગળ વધીએ તેવી હાર્દિક શુભકામનાઓ...

**બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

મુખ્ય ઓફીસ :- શ્રી અરવિંદભાઈ મણીઆર ભવન, બગસરા. જી. અમરેલી. ફોન :- ૦૨૭૯૨ ૨૨૨૨૫૮






શ્રી રશ્વિનભાઈ પી. ડોડીઆ
ચેરમેનશ્રી

ડી.જી. મહેતા — જનરલ સેક્રેટરી | નિતેષ ડોડીઆ — જનરલ એમ.ડી.

**બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

## શુભ દીપાવલી
એવમ્
## નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

જય જવાન — જય કિસાન

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઈલેકટ્રોનીકસ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં A To Z માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.

તુષાર એચ. હપાણી — સેક્રેટરી | સુરેશભાઈ એમ. રોકડ — વા.ચેરમેન | શૈલેષભાઈ બી. સંઘાણી — ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

## શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છાઓ



આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...!

... શુભેચ્છક ...

**એક શુભેચ્છકશ્રી**

## નૂતન વર્ષાભિનંદન

નવુ વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ...

- ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
- હરીબા મહિલા કોલેજ
- શ્રી રામ હોસ્પીટલ
- માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ
- શિવ બાલાશ્રમ
- શ્રી કૃષ્ણ ગૌશાળા
- સંસ્કૃત શકિત ગુરૂકુળ
- રક્ષા શકિત સ્કૂલ



પુ. શ્રી ડો. રતિદાદા
(સંસ્થાના શિલ્પી)
મો. ૮૮૬૬૩ ૭૪૧૧૨

**ગાયત્રી સંસ્કાર ધામ**
ધારી રોડ, ચલાલા,
તા. ધારી, જિ. અમરેલી.



શ્રી મહેશભાઈ મહેતા
ડાયરેક્ટરશ્રી (ભારત ભૂષણ)
મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭

### અયોધ્યામાં ૫૦૦ વર્ષ બાદ ભવ્ય દિવાળી

# અમે જે કહ્યું તે કરીને બતાવ્યું છે : CM યોગી આદિત્યનાથ

**યોગીએ પોતાના સંબોધનમાં વિપક્ષ પર પણ પ્રહારો કર્યા તેમણે કહ્યું કે કેટલાક લોકોએ ભગવાન શ્રી રામને નકાર્યા**

લખનૌ, તા.૩૦

દેશમાં દિવાળીની ઉજવણી કરવામાં આવે છે. અયોધ્યાની ભવ્યતા દેખાઈ રહી છે. રાજ્યના વડા સહિત તમામ નેતાઓ અયોધ્યા પહોંચી ગયા છે. આ પ્રસંગે સીએમ યોગીએ કહ્યું કે, આ વર્ષ અયોધ્યા માટે અદ્ભુત, અનોખું, અલૌકિક છે. ૫૦૦ વર્ષની પ્રતિક્ષાનો અંત લાવીને રામ લલ્લા ફરી એકવાર પોતાના ધામમાં બેઠા અને દુનિયાના તમામ પીડિતોને આ સંદેશ આપ્યો કે તેઓ ક્યારેય તેમના માર્ગથી ભટકી ન જાય. આજે આપણી પાસે એ તમામ આત્માઓને યાદ કરવાનો અવસર છે જેમનું આખું જીવન રામજન્મભૂમિ આંદોલનને સમર્પિત હતું.

સીએમ યોગીએ કહ્યું કે, આ અવસર પર હું તે તમામ પૂજનીય સંતોને શ્રદ્ધાંજલિ આપું છું, જેમણે ૩.૫ લાખની સંખ્યામાં પોતાના જીવનનું બલિદાન આપ્યું અને એક જ ઈચ્છા સાથે આ ધરતી છોડી દીધી કે અયોધ્યામાં ગમે તે થાય, આ પૃથ્વી પર રામ મંદિરનું નિર્માણ કરવું જોઈએ. તેમનો સંકલ્પ પૂરો થયો. રામલલાના રાજ્યાભિષેક પછી દીપોત્સવનો આ પ્રથમ પ્રસંગ છે. આ પહેલા અમે બોલતા હતા અને અમે જે કહ્યું તે કરીને પ્રદર્શન પણ કરતા હતા.

સીએમ યોગીએ પોતાના સંબોધનમાં વિપક્ષ પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કેટલાક લોકોએ ભગવાન શ્રી રામને નકાર્યા છે. અસ્તિત્વ પર પ્રશ્નો ઉભા થયા. હવે આ લોકો સનાતનના અસ્તિત્વ પર સવાલો ઉઠાવી રહ્યા છે. અયોધ્યા સનાતન ધર્મની શરૂઆત છે. સનાતન ધર્મે ક્યારેય કોઈનું નુકસાન કર્યું નથી, બધાને અપનાવ્યા છે. માનવતા અને વિકાસના માર્ગમાં જે કોઈ અવરોધ ઊભો કરશે તેને ઉત્તર પ્રદેશના માફિયા જેવા જ ભાવિનો સામનો કરવો પડશે. સીએમ યોગીએ કહ્યું, અમે જે કહ્યું હતું તે ૨૦૧૭ પછી અયોધ્યામાં થઈ રહ્યું છે. અયોધ્યામાં ફરીવાર પોતાને સાબિત કરવાનો વારો છે. આ માટે અયોધ્યાના લોકોએ ફરી આગળ આવવું પડશે અયોધ્યાને દેશની પ્રથમ સોલર સિટી બનાવવામાં આવી છે. દીપોત્સવ એ અયોધ્યાની ભેટ છે, દીપોત્સવ પહેલા ક્યાં ઉજવાતો હતો? દીપોત્સવ સમારોહ પહેલા અયોધ્યા પહોંચેલા સીએમ યોગી અને અન્ય નેતાઓએ ભગવાન રામના રથને રામ દરબાર સ્થળ સુધી ખેંચી લીધો હતો. આ પછી સીએમ યોગીએ તેમની આરતી ઉતારી હતી.

### RBIએ શાકભાજી-ફળ બજાર અંગે સાચી વાત જણાવી

# ત્રસ્ત જનતાને લૂંટવા વેપારી રોજે રોજ શાકભાજીના ભાવમાં કરી રહ્યા છે ભડકો

**ખેડૂતોને ૩૦ અને વચેટિયાઓને ૭૦ ટકા મળે છે**

નવી દિલ્હી, તા.૩૦

શાકભાજીના ભાવ હવે ન પોષાય તે રેન્જમાં આવી ગયા હોવાથી ત્રસ્ત પ્રજાને લૂંટવા માટે વેપારી આલમ રોજને રોજ કોઈને કોઈ બહાના હેઠળ શાકભાજીના ભાવમાં ભડકો કરી રહ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શાકભાજી અને ફળ બજારના સરવે કરીને ખેડૂતોને છૂટક ભાવની તુલનાએ હોલસેલર્સ અને રિટેઈલર્સ મળીને ૭૦ ટકા રકમ સેરવી લેતા હોવાની હકીકત જાહેર કરી તે વાસ્તવમાં બહાર આવી રહી છે.

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પણ એપીએમસીમાં ખેડૂતો વેપારીઓને હાથે લૂંટાઈ રહ્યા હોવાની એક ફરિયાદ કરી છે. શાકભાજીના ભાવ સતત ઊંચા રહેતા હોવાથી ફુગાવાનો દર પણ ઊંચો જઈ રહ્યો છે. આ સીઝનમાં કમોસમી વરસાદ અને પાકના ઓછા ઉતારાને નામે બૂમરાણ મચાવીને શાકભાજીના ભાવમાં ભડકો કરી દેવામાં આવ્યો છે.

એક જમાનો હતો જ્યારે ચોમાસામાં અને શિયાળામાં શાકભાજી એકદમ નીચા આવી જતાં હતા, પરંતુ છેલ્લા થોડા વરસોથી શાકભાજીના ભાવ શિયાળાની કે ચોમાસાની સીઝનમાં પણ ઊંચા જ રહે છે. તેની સામે ખેડૂતોની આવકમાં અપેક્ષા પ્રમાણેનો વધારો થતો નથી. કારણે વધારેમાં વધારે ફાયદો હોલસેલર્સ અને રિટેઈલર્સ જ ખાઈ જાય છે. તેનાથીય આગળ વધીને વાત કરીએ તો વચોટિયાઓ કે કમિશન એજન્ટ્સ પણ ખેડૂતની આવકમાંથી થોડોગણો હિસ્સો પડાવી લેવાની કવાયત કરી રહ્યા છે.

ઓક્ટોબર મહિનાના ત્રણ અઠવાડિયા સુધી બટાકાનો હોલસેલ માર્કેટમાં છૂટક સરેરાશ કિલોદીઠ ભાવ રૂ.૨૧નો રહ્યો છે. તેની સામે બટાકાના છૂટક ભાવ કિલોદીઠ એરિયા પ્રમાણે રૂ. ૫૦થી ૬૦ના બોલાયા છે. હા, સામનો વધુ માલ વેચી દેવા માગતા અને વધુ ટર્નઓવર કરવા માગતા છૂટક વેપારીઓ રૂ.૧૦૦ના અઢી કિલો બટાકા વેચતા હોવાનું પણ જોવા મળ્યું છે. આમ હોલસેલમાં બટેકાના સરેરાશ કિલોદીઠ રૂ.૨૧ના ભાવ સામે છૂટકમાં ૧૫૦ ટકા ઊંચા રૂ. ૫૦ના સરેરાશ ભાવ જોવા મળ્યા છે.

અમદાવાદ એપી એમસીમાં ઓક્ટોબરના પહેલા ત્રણથી સાડાત્રણ અઠવાડિયા રોજની બટેકાની સરેરાશ આવક ૨૫૦૦૦ ક્વિન્ટલની રહી છે. આ જ રીતે ડુંગળીનો સરેરાશ રૂ. ૩૪થી ૩૭ના ભાવ સામે છૂટક બજારમાં ડુંગળીના રૂ. ૮૦ના ભાવ બોલાયા છે. સાવ કચરા જેવા દેખાલા ફુલાવરના નંગદીઠ રૂ.૫૦થી ૭૦ ખંખેરી રહ્યા છે.ટામેટાંના સરેરાશ રૂ. ૬૬ના કિલોદીઠ ભાવ સામે છૂટક બજારમાં રૂ. ૧૨૦થી ૧૪૦ જેટલા લઈ રહ્યા છે.

હોમ ડિલિવરી આપતી કંપનીઓના માલની ગુણવત્તા ખરાબ હોય તો તેમજ તેના માલના વજન પણ ઓછા હોવાની ફરિયાદ છે. આ સંજોગોમાં આમ આદમીને શાકભાજી ન પરવડે તેવી રેન્જમાં આવી રહ્યા છે. ખેડૂતો ચાર માસની મહેનત પછીય નથી કમાતા તેનાથી ઘણું વધારે એપીએમસીના વેપારીઓ ચાર કલાકમાં કમાઈ લે છે. આ સંજોગોમાં ખેડૂતો પાસેથી ખરીદવાના ભાવ અને છૂટકમાં વેચાતા ભાવ વચ્ચેનો ગાળો નિશ્ચિત કરી આપવો જોઈએ. અન્યથા આમઆદમી વેપારીઓના ખેલમાં લૂંટાતા જ રહેશે.

### દિવાળી પૂર્વે એકતા નગરને મળી વિકાસની ભેટ

# પીએમ મોદીએ કર્યું ૨૮૪ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ

**વડાપ્રધાન મોદીએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું**


નર્મદા, તા.૩૦

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની પુર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા નગરને મોટી ભેટ આપતાં રૂ. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.આ અવસરે તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપતાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વધુ વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવશે.તેમજ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સવલતો પ્રાપ્ત થશે.

વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજકાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વૈશ્વિક પ્રવાસન સ્થળની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઉદ્‌ઘાટન સાથે હવે એકતા નગરમાં આરોગ્ય અને જનસુવિધાઓ બંનેને નવી ઉંચાઈ મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્યસુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે, ICU ઓન-વ્હીલ્સની નવી સેવાઓ પણ શરુ કરવામાં આવી છે, જેને કારણે વિકટ પરિસ્થિતિઓમાં પણ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થશે. ટ્રાફિક વ્યવસ્થાપન અને એકતાનગરની સુંદરતાને વધારવા માટે એકતા નગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યુટીફિકેશન બનાવવામાં આવ્યા છે. ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ અને ૧૦ પિક-અપ સ્ટેન્ડના નિર્માણ સાથે નગરની સગવડો વધારવામાં આવી છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ આ સમારોહમાં થયું.

જુલાઈ ૨૦૨૪માં SAPTI સંસ્થાના સહયોગથી યોજાયેલા ૨૦ દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે ‘પાણી, પ્રકૃતિ અને એકતા’ પર આધારિત ૨૪ શિલ્પકૃતિઓ બનાવવામાં આવી હતી. આ શિલ્પો હવે એકતા નગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે શહેરના પ્રવાસન અને આકર્ષણમાં વધારો કરશે. વડાપ્રધાનશ્રીએ બસખાડીથી વ્યુપોઈન્ટ-૧ સુધીના વૉકવે તેમજ એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના નવનિર્મિત માર્ગોના પ્રથમ તબક્કાનું પણ ઉદ્‌ઘાટન કર્યું.વડાપ્રધાનશ્રીએ રૂ. ૨૩.૨૬કરોડના ખર્ચે ૪ મેગાવોટ સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું, જે એકતા નગરને હરિત ઉર્જાના માર્ગે આગળ વધારશે. પર્યાવરણ સંરક્ષણના હેતુથી બોન્સાઈ ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટના વિસ્તરણ સાથે પ્રકૃતિપ્રેમીઓને અનોખો અનુભવ મળશે. ૨૦૨૩માં આવેલા પૂરનાં નુકસાનને ધ્યાનમાં રાખીને કેક્ટસ ગાર્ડન નજીક પ્રોટેક્શન વોલનો વિસ્તાર કરવામાં આવશે, જે પ્રવાસીઓને સુરક્ષિત પર્યાવરણ અને વધુ સગવડો આપશે. સાથે જ, ગરૂડેશ્વર ખાતે રૂ. ૬૦ કરોડના ખર્ચે હૉસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પુનર્વિકાસ માટે જમીનનું સ્તર ઊંચું કરવાનું કામ હાથ ધરાયું છે, જેથી ભવિષ્યમાં પૂરથી સુરક્ષા મળે અને વિકાસ યથાવત્ રહે. આ પ્રોજેક્ટ્સના લોકાર્પણ સાથે એકતા નગર માત્ર પ્રવાસન માટે નહીં, પરંતુ ટકાઉ વિકાસ અને નાગરિક સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ બનશે.એકતા નગર મજબૂત માળખાગત વિકાસ અને પર્યાવરણપ્રેમી નીતિઓના સંગમનું પ્રતિક બનશે.આ પ્રવાસન સ્થળ પ્રવાસીઓ માટે મનમોહક બની રહેશે.પ્રધાનમંત્રીએ એકતાનગર ખાતે સાકાર થઇ રહેલા પ્રકલ્પ-પ્રોજેક્ટ પ્રદર્શનિનું નિરિક્ષણ કર્યું હતું.

## ૩૧ - ઓક્ટોબર, ‘‘શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી’’ અને ‘‘વિશ્વ એકતા દિવસ’’ નિમિતે કવિતા



સરદાર તમે આવો ને.
સરદાર તમે આવો ને.
માતૃભાષાને વિસરાવી અંગ્રેજીએ,
મા ને ઘેરેલાં વિદેશીઓને ભગાવો ને.
સરદાર તમે આવો ને
ધર્મ, જાતી, રાજયમાં વહેંચાયેલાં
ભારત ને, શિસ્ત, એકતા, મનોબળ નાં
પાઠ ભણાવો ને. સરદાર તમે આવો ને
‘યદા સદા હી ધર્મસ્ય’
વચન ભુલ્યો નથી ને કાન ?
લાખો દુર્યોધનો, શિખંડીઓને હરાવોને.
સરદાર તમે આવો ને
મા ભારતી હવે છે અલગ બેડીઓમાં,
રાજમાર્ગ આઝાદીનો ફંટાયો કેડીઓમાં,
તમે હતાં ગૃહમંત્રી તો ગૃહસ્ત્રુઓથી,
ભારતની પ્રજાને બચાવોને.
સરદાર તમે આવો ને
સરદાર હતાં ને હોય એક જ,
‘છોટે સરદાર’ સ્વયંભૂ થયાં કેટલાંય.
‘અસરદાર’ સરદાર હોય એક જ,
‘ખોટે સરદાર’ બન્યાં પ્રપંચી કેટલાંય.
ચાણકય તમે, સાચાં ચંદ્રગૃપ્ત ને
બનાવો ને.સરદાર તમે આવો ને
સામ , દામ, દંડ, ભેદથી નીતિ કરી
તમે ફૂટ,લાલ આંખે, સત્યની શાખે
તમે મીટાવી ફુટ,
ગાંધીજીનાં એક ઈશારે તમે ઠુકરાવ્યૂ સિંહાસન,
સૌ પક્ષો રાષ્ટ્રનાં , તમે રાજધર્મ
નિભાવોને.સરદાર તમે આવો ને
સ્ટેચ્યુ ઓફ યુનિટી સારૂં, આવકાર્ય,
શીખ ઊંચાઈ તમારી પહોંચવું અશકય.
તમારાં નખ જેટલું વાસ્તવ જીવીને,
લોકશાહી અને જાતન આપણે બચાવો ને.
સરદાર તમે આવો ને.
૫૬૨ રજવાડાં એક કર્યા સરદારે,
૫૪૩ સાંસદો એક થઈને બતાવોને.
સોમનાથ, જૂનાગઢ, નિઝામ જેવાં
ત્યારનાં પ્રશ્નો હવે કેમ દરેક શેરીઓમાં ?
સમજાવો ને. નેતાઓ મનોવૃતિ તમે
બદલાવો ને.સરદાર હવે તો તમે
આવો ને... સરદાર તમે આવો ને.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર શ્રી સુરેશકુમાર એ.રાઠોડ, એડવોકેટ, બગસરા. આથી જાહેર નોટિસ આપી જાહેર કરૂ છુ કે,

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ગામ "જામકા" ગામના નીચે મુજબની રેવન્યુ રેકર્ડવાળી સીમની જમીનો આવેલ છે.

| નામ | ખાતા નં. | રે.સ.નં. | હે.આરે.ચો.મી |
|---|---|---|---|
| વાળા વસંતબેન બાપલુભાઈ | ૭૪ | ૬ પૈકી ૩/પૈકી ૧ | ૦–૮૯–૦૩ |
| વાળા અલ્પાબેન બાપલુભાઈ<br>વાળા વીરેન્દ્રભાઈ બાપલુભાઈ<br>વાળા ઉદયભાઈ બાપલુભાઈ<br>વાળા વસંતભાઈ બાપલુભાઈ | ૨૨૮ | ૬ પૈકી ૨ | ૧–૮૫–૧૪ |

ઉપરોકત નામોવાળી સીમની જમીનો આવેલ છે. અને હાલ તેમના નામોએ ચાલે છે. તેમની માલિકી હક્કની આવેલ છે અને રે.સ.નં.૬ પૈકી ૨ વાળી જમીનમાં કુવો તથા બોર આવેલ છે. તે સહિત આ સીમની જમીનો તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું સર્વે નંબર, કુવો તથા બોર ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર કે તેના ટાઈટલ પરનો કોઈને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વારસાઈ હક્ક, બક્ષીસ, ગીરો, લાગભાગ, દરદાવો, ભરણ પોષણ, હક્ક કે અન્ય હિત, સંકળાયેલા હોય કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, દાવો,બોજો, ગીરો, લીયનચાર્જ હોય કે અન્ય હક્ક જેમ કે, ઉપજ– નીપજ કબ્જો ભોગવટો, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા તેમજ કોઈપણ બેંકો, પેઢી, વ્યકિત શ્રોફ કે સંસ્થામાંથી ધિરાણ સામે ગીરો કે જામીનગીરી સામે કોઈનો હક્ક હિસ્સો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે થી દિવસ ૭ (સાત) માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર પુરાવા સાથે લેખિત જાણ તાત્કાલિક કરવી. મુદત દરમ્યાન જો કોઈના વાંધા તકરાર નહિ આવે તો કોઈને કોઈપણ જાતના કાંઈપણ પ્રકારના વાંધા તકરાર નથી. અને જો હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે. તેમ માની અમારા અસીલો સદરહું સીમની જમીનો કુવા તથા બોર સહીતની વેચાણની ચુકતે અવેજ ચુકવી, રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે ત્યારબાદ કોઈનો હકક, દાવો અમારા અસીલોને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેથી આથી દરેક લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : બગસરા
તા. ૩૦/૧૦/૨૦૨૪

સુરેશકુમાર એ. રાઠોડ
એડવોકેટ

જુની નગરપાલીકા કચેરી પાસે, થાણા રોડ, બગસરા–૩૬૫૪૪૦
મો.નં. ૯૪૨૬૯ ૪૦૮૬૮, ૯૩૨૮૦ ૪૧૮૮૦




### નૂતન વર્ષના આગોતરા વધામણા અંતર્ગત સ્નેહમિલન

# અમરેલી : પટેલ મંડપવાળા વજુભાઈ ગોલની દાદાની વાડીએ મહેમાનગતી માણતા વંદનીય સંતો, રાજકીય અને સામાજીક આગેવાનો

**વંદનીય મોરારી બાપુ, પુજય રમેશભાઈ ઓઝા (ભાઈ) અને જીજ્ઞેશ દાદાએ આશીર્વાદ પાઠવ્યાં**



અમરેલી, તા. ૩૦

પાટીદાર સમાજના મોભી અને સામાજીક આગેવાન એવા વજુભાઈ ગોલની સેવાકીય પ્રવૃતિઓ માટે તો નોંધ લેવાતી જ હોય છે પણ એમનો રોટલો અને ઓટલો બંને બહો મોટા છે. નાનામાં નાના માણસથી લઈને મોટા આગેવાનો માટે વજુભાઈનું ઘર એ કાયમીનું ઠેકાણું બનેલું હોય છે.

વજુભાઈની લાઠી સ્થિત આવેલી વાડીનું નામ દાદાની વાડી છે. આ વાડી અનેક સંતો, મહંતો, આગેવાનો અને મહેમાનો માટે વિસામો લેવાનું સ્થળ બની ગયેલું છે. તાજેતરમાં દાદાની વાડીના મોંઘેરા મહેમાનો વિશ્વ વંદનીય મોરારી બાપુ (જેઓએ ભોજન સમારંભના બીજા દિવસે પધરામણ કરી હતી), ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા (ભાઈ) અને જીજ્ઞેશ દાદા બન્યા હતાં. આ મહેમાનગતિમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, પૂર્વ ધારાસભ્ય વીરજીભાઈ ઠુંમ્મર, ઠાકરશીભાઈ મેતલિયા અને પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનિષભાઈ સંઘાણી સહિતના રાજકીય આગેવાનોએ હાજરીઆપી હતી. તદુપરાંત લેઉવા પટેલ સમાજના પૂર્વ કાન્તિભાઈ વઘાસિયા, અમરેલી જીલ્લા સરદારધામ કનવીનર રાજેશભાઈ માંગરોળિયા, પાટીદાર સમાજના આગેવાન જયવંતભાઈ ફીણાવા, પ્રાગજીભાઈ કાલરિયા અને અવધ ટાઈમસના તંત્રી ભરતભાઈ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. વજુભાઈ ગોલે સૌને આવકાર્યા હતા અને પધારેલા મહેમાનોને મહેમાનગતી કરાવી હતી. સમગ્ર આયોજન ધવલભાઈ ગોલ અને તેમની એકિટવ ગૃપ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધરાઈની બાલમુકુન્દ હવેલીમાં શુક્રવારે અન્નકુટ મહોત્સવ



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પ્રસિદ્ધ યાત્રાધામ વિપ્રસિદ્ધ બાલમુકુન્દ પ્રભુની હવેલીમાં આગામી તા.૦૧/૧૧/૨૪ બેસતાવર્ષ ને દિવસે અતિભવ્ય અન્નકૂટ મહોત્સવ યોજાશે આ તકે હવેલીમાં ઠાકોરજીના દિવાળીની રાત્રીએ હાટડી દર્શન રાત્રે ૯:૩૦ કલાકે યોજાશે ત્યારબાદ સવારે ૧૦ કલાકે ગોવર્ધન પૂજા યોજાશે અને ત્યાર પછી બપોરે ૨:૩૦ કલાકે ઠાકોરજીના ભવ્ય અન્નકૂટ દર્શન યોજાશે આ તકે ઠાકોરજીને અન્ય વિવિધ અને અલગ અલગ પ્રકારની વાનગીઓ ધરવામાં આવશે. આ મહોત્સવનો લ્હાવો તથા મહાપ્રસાદ લેવા દેશ વિદેશના વૈષ્ણવ ભક્તોને બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ તથા સમસ્ત મુખ્યાજી પરિવાર વતી । હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

### ટ્રુડો સરકારના નવા દાવાથી ખળભળાટ

# ‘કેનેડામાં ગુનાહિત ષડયંત્ર પાછળ મોદીના ‘ખાસ’નો હાથ...’

**કેનેડિયન હાઈ કમિશનરને સસ્પેન્ડ કર્યા બાદ અને ભારતે પોતાના અધિકારીઓને પરત બોલાવ્યા બાદ સ્થિતિ વધુ વણસી ગઈ છે**

નવી દિલ્હી, તા.૩૦

ભારત અને કેનેડા વચ્ચે તણાવ સતત વધતો જઈ રહ્યો છે. જોકે કેનેડા સરકારના નવા આરોપોથી ભારત અને કેનેડા વચ્ચે સંબંધો વધુ બગડે તેવી શક્યતા છે. કેનેડિયન હાઈ કમિશનરને સસ્પેન્ડ કર્યા બાદ અને ભારતે પોતાના અધિકારીઓને પરત બોલાવ્યા બાદ સ્થિતિ વધુ વણસી ગઈ છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પર ભારતે ઘણી વખત પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે અને કેનેડાના આરોપોને રદિયો આપ્યો છે. હવે એક નવો દાવો કરવામાં આવ્યો છે કે ‘‘કેનેડામાં ગુનાઈત ષડયંત્ર પાછળ મોદીની નજીકના લોકોમાંથી એકનો હાથ છે.’’ કેનેડાના વિદેશ બાબતોના નાયબ મંત્રી ડેવિડ મોરિસને સાંસદોને જણાવ્યું હતું કે, ‘‘કેનેડિયન પોલીસે આરોપ લગાવ્યો છે કે કેનેડામાં ગુનાઈત ષડયંત્ર પાછળ મોદીની નજીકના લોકોમાંથી એકનો હાથ છે. એવો આરોપ છે કે કેનેડામાં હત્યા અને ધાકધમકી સહિતના મોટા ગુનાઓમાં ભારતની ભૂમિકા રહી છે.’’ મંત્રીએ કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના એક વરિષ્ઠ અધિકારી પર કેનેડિયનોને ડરાવવા અથવા મારી નાખવા માટે એક અભિયાનને અધિકૃત કરવાનો આરોપ લાગ્યોછે. ડેવિડ મોરિસનજાહેર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિમાં સાંસદો સમક્ષ સાક્ષી પૂરવા હાજર થયા હતા.મંગળવાર પહેલાં કેનેડિયન અધિકારીઓએ રેકોર્ડ પર માત્ર એટલું જ કહેતા હતા કે ભારત સરકારના હાઈલેવલ દ્વારા જ કાવતરાં અંગે જાણી શકાશે. કેનેડિયન પોલીસ કમિશનર માઈક ડુહેમે જણાવ્યું હતું કે પોલીસના પુરાવા દર્શાવે છે કે ભારતીય રાજદ્વારીઓ અને કોન્સ્યુલર સ્ટાફે ભારત સરકાર માટે માહિતી એકઠી કરી હતી, જેનો ઉપયોગ કેનેડામાં હિંસા કરવા માટે ગુનાહિત સંગઠનોને સૂચના આપવા માટે કરવામાં આવતો હતો.

# અમરેલીનાં નગરસેવકે મળેલ પાકીટ મૂળ માલીકને પરત સોપ્યું

**નગરસેવક હરિ કાબરીયાની કામગીરીની પ્રશંસા**



અમરેલી, તા. ૩૦

મંદિના માહોલમાં દિવાળી ની રોનક જોવા મળી રહી છે પરંતુ જેનું પાકીટ ગુમ થાય તેનો તહેવાર અને વહેવાર બન્ને બગડે. આવી જ ઘટના અમરેલીના બાયપાસ ઉપર બનવા પામી જેમા હનુમાનપરા, અમરેલીના રહીશ આશિષ રાજુભાઈ મકવાણાનું નાણા અને અગત્યના ડોકયુમેન્ટ સાથેનું પાકીટ પડસાલા ગેસ ગોડાઉન પાસે પડી ગયુ ખજે અમરેલી નગર પાલીકા આરોગ્ય સમિતિના ચેરમેન હરિભાઈ કાબરીયાને મળતા તેઓએ પળ નો પણ વિચાર કર્યા વગર ડોકયુમેન્ટના આધારે આશિષભાઈ મકવાણાનો સંપર્ક કરીને પાકીટ પરત કરતા માનવતાની સુવાસ પ્રસરી હતી. તહેવાર ઉપર નાણા ગુમાવનારની સ્થિતી શુ હોય તે તો નાણા ગુમાવનાર જ સમજી શકે.

પાકીટ ગુમ થયાથી હતાશામા પાકીટ પરત મળતા મકવાણાના પરિવારમાં દિવાળી કરતા પણ વિશેષ આનંદ વ્યાપી ગયો છે અને તરવરીયા યુવાન નગર સેવક હરિભાઈ કાબરીયાની સેવાભાવનાને લોકો બિરાદાવી અભિનંદન પાઠવી રહેલ છે તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.


શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન
कह दो अंधेरों से कहीं और घर बना लें
मेरे मुल्क में रौशनी का सैलाब आया है।
दिवाली की हार्दिक शुभकामनाएं
ડૉ. કિર્તી કે. બોરીસાગર
શ્રી ઉપેન્દ્રભાઇ કે. બોરીસાગર (એડવોકેટ)
સદસ્ય : જીલ્લા પંચાયત અમરેલી


શુભ દીપાવલી એવમ્
નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
HAPPY DIWALI
HAPPY DIWALI
: શુભેચ્છક :
ઉદયન ત્રિવેદી (એડવોકેટ)
ચેરમેન : નોટરી એસોસીએશન (સૌરાષ્ટ્ર ઝોન)
ઉર્મિ ત્રિવેદી (ફીટવેલ જીમ)
હરનીલ ત્રિવેદી (એડવોકેટ)
પુર્વા ત્રિવેદી
અમરેલી


દીપાવલી તેમજ
નૂતનવર્ષાભિનંદન
નવા વર્ષનાં આપ સૌને વંદન,
ડગલે ને પગલે આપને મળે ખુશી અને વંદન,
પ્રભુ તણા સ્પર્શનું આપ નાં જીવન માં રહે સ્પંદન,
આપને તથા આપના પરિવારને નૂતન વર્ષાઅભિનંદન..
: શુભેચ્છક :
શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ
(અધ્યક્ષ : શ્રી ખોડલધામ સમાધન પંચ : અમરેલી)
(પ્રમુખ : અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસોસીએશન)
શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ
શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈ
શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ
દેસાઈ & કાં. દેસાઈ કોટેક્ષ ચિતલ
બટરફલાય વુડસ ગાંધીધામ


दिवाली
તેમજ
નૂતન વર્ષ
ની હાર્દિક શુભ કામનાઓ...
શુભ અવસરને ઉમંગથી વધાવીએ
આપણી મંડળીના વ્હાલા સભાસદો માટે
૧ વર્ષની મુદત માટે
વાર્ષિક ૧૧% વ્યાજ દર
અને ૭ વર્ષે ડબલ રકમ
શ્રી સૌરાષ્ટ્ર નાગરિક
શરાફી સહકારી મંડળી લી. બગસરા
બગસરા | અમરેલી | વિસાવદર | કુંકાવાવ | ભેસાણ | ચુડા | ભલગામ | ધારી | અમદાવાદ
An ISO 9001:2015 Certified
શ્રી દિપકભાઇ આંબલિયા મંત્રીશ્રી
શ્રી જયસુખભાઇ ગોંડલિયા એમ.ડી.શ્રી
શ્રી દિવ્યેશભાઇ વેકરિયા વાઇસ ચેરમેનશ્રી
શ્રી અનિલભાઇ વેકરિયા ચેરમેનશ્રી



॥ શુભ દીપાવલી ॥
નૂતન વર્ષાભિનંદન
Chham Chham Pagle
Laxmi Aave, Dwar Khula Rakhjo,
Diwali Na Divas 6, Cholera Par
Khusi Na Dip Pragtavjo.
દિવાળી એન નૂતન વર્ષ ની
હાર્દિક શુભકામના
: શુભેચ્છક :
નટરાજ રોડ લાઇન્સ
અમરેલી-ભાવનગર-રાજકોટ
આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.
પાલનપુર - વલસાડ
શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫




શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન
શુભમ્ કરોતિ કલ્યાણં આરોગ્યમ્ ધનસંપદા, શત્રુબુદ્ધિ વિનાશાય્ દીપજ્યોતિ નમોસ્તુતે,
શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...
Happy Diwali
શુભેચ્છક
શ્રી ભરતભાઈ સુતરીયા
સાંસદશ્રી, અમરેલી
પ્રમુખશ્રી
જિલ્લા પંચાયત - અમરેલી




શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની
શુભેચ્છાઓ
નગરપાલિકા દ્વારા 'સર્વનો સાથ શહેરનો વિકાસ' સ્વચ્છ સાવરકુંડલા,સુંદર સાવરકુંડલા'
ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે
દીપાવલી તેમજ નૂતનવર્ષ- ૨૦૨૪ નિમિતે નીચે મુજબના સંકલ્પ કરીએ.
(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાનાં કલેકશનની સુવિધાનો મહતમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
: શુભેચ્છક :
શ્રી મેહુલભાઈ ત્રિવેદી - પ્રમુખ
શ્રી પ્રતિકભાઈ નાકરાણી - ઉપપ્રમુખ
શ્રી અશોકભાઈ ચૌહાણ - કારોબારી ચેરમેન
શ્રી એચ.પી. બોરડ - ચિફ ઓફીસર
તેમજ તમામ ચેરમેનશ્રીઓ તથા
સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ...
સાવરકુંડલા નગર પાલિકા
: સાવરકુંડલા :




APM TERMINALS
Lifting Global Trade
APM Terminals Pipavav
wishes you and your family a very
Happy Diwali
APM TERMINALS
LOW GHG

# શુભ દીપાવલી
એવમ્
# નૂતન વર્ષાભિનંદન

આવનારૂ નવું વર્ષ આપના તથા આપના પરિવારજનો માટે સમૃધ્ધિમય, આરોગ્યપ્રદ તેમજ યશસ્વી નીવડે તેવી અભ્યર્થનાં સાથે શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...





શુભેચ્છક

**શ્રી પરેશ ધાનાણી**

પૂર્વ ધારાસભ્ય
અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભા

# શુભ દીપાવલી એવમ્ નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છાઓ

નવુ વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ,શાંતિ અને સમૃધ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ...

: શુભેચ્છક :



**શ્રી પ્રકાશભાઈ લાખાણી**

સદસ્યશ્રી
અમરેલી નગર સેવા સદન
અમરેલી

| | |
|---|---|
| શ્રી મનોજબાપુ ગોંડલીયા | શ્રી ગીરીશ મકવાણા |
| શ્રી પ્રકાશ અગોતરીયા | શ્રી પ્રતિક વાળા |
| શ્રી મેહુલ બાબરીયા | શ્રી નિમેશ અજાણી |
| શ્રી મેહુલ રાઠોડ | શ્રી આનંદ ભુટાક |
| શ્રી અજય કટકીયા | શ્રી હિરેન ટીમાણીયા |
| શ્રી ભાવીન ત્રિવેદી | શ્રી વિમલ ઠુંમર |
| શ્રી મયુર ટાંક | શ્રી રૂપેશ સાવલીયા |
| શ્રી મહેશ ચૌહાણ | શ્રી યશ વાઢેર |

: અમરેલી :


# શુભ દીપાવલી
એવમ્
# નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

જય જવાન જય કિસાન

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઈકલેટ્રોનીકસ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં AToZ માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.





| દીપકભાઈ માલાણી | મહેશભાઈ લખાણી | જતિનભાઈ માલાણી |
|---|---|---|
| ચેરમેન | વા.ચેરમેન | સેક્રેટરી |

સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ તથા કર્મચારીગણ..

**સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**સાવરકુંડલા**

# શુભ દીપાવલી
એવમ્
# નૂતન વર્ષાભિનંદન

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર,
લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર, અમારી શુભકામનાઓ કરો સ્વીકાર,
શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...





શુભેચ્છક

**શ્રી પ્રતાપ દુધાત**

પૂર્વ ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા વિધાનસભા
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯ મી જન્મ જયંતિના પાવન અવસરે શત્ શત્ નમન..



"જન્મથી વલ્લભ, કર્મથી સરદાર"

**શ્રી વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ** (જન્મ તા.૩૧/૧૦/૧૮૭૫)

દેશના રજવાડાઓને એક કરી એક રાષ્ટ્રનું નિમાર્ણ કરનાર અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯ મી જન્મજયંતિ નિમિતે શત્ શત્ નમન....



ડો.બાબા સાહેબ આંબેડકર



સ્વામી વિવેકાનંદ



નેતાજી સુભાષચંદ્ર બોઝ



દેવોના દેવ મહાદેવ



મહાત્મા ગાંધીજી



અશોક સ્તંભ



કેશુભાઈ પટેલ



મહારાજા કૃષ્ણકુમારસિંહજી



પૃથ્વી સમ્રાટશ્રી માંધાતા મહારાજ



ભગતસિંહ



ચંદ્રશેખર આઝાદ

## ચાલો ચમારડી

## સરદાર પટેલ જયંતિ

દેશના અખંડ ભારતના શિલ્પી તથા બંધારણના ઘડવૈયા તથા સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓનું અનાવરણ

**૧૪૯** મી જન્મ જયંતિ નિમિતે ભવ્ય આયોજન **31 ઓક્ટોમ્બર, ૨૦૨૪** સવારે ૯:30 કલાકે



**ડાયરો:** ગુરૂવાર, તા.૩૧/૧૦/૨૦૨૪ રાત્રે ૯ : ૦૦ કલાકે

### ડાયરા કલાકાર



દેવાયતભાઈ ખવડ



અલ્પાબેન પટેલ



સુખદેવભાઈ ધામેલીયા



લાલુભાઈ માલવીયા

ચાલો ચમારડી... ચાલો ચમારડી... ચાલો ચમારડી...

**નિમંત્રક**
**ગોપાલભાઈ ચમારડી**

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)